GJGS020003852009

| | |
|---|---|
| દાવો રજૂ કર્યા તારીખ | ૦૯–૦૧–૨૦૦૯ |
| દાવો રજી. કર્યા તારીખ | ૦૯–૦૧–૨૦૦૯ |
| દાવો ફેસલ કર્યા તારીખ | ૧૪–૦૭–૨૦૨૧ |
| સમય ગાળો : ૧૨–વર્ષ,૦૬–માસ,૦૫–દિવસ | |

**વેરાવળના પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ. વેરાવળ, જિ. ગીર–સોમનાથ.**

**સ્પે.દિ.મુ.નં.૦૩/૨૦૦૯**
**આંક:– ૧૩૦**

વેરાવળ–પાટણ સંયુકત નગર સેવા સદન,
મારફત ચીફ ઓફીસરશ્રી,
વેરાવળ–પાટણ સંયુકત નગર સેવા સદન,
રાજ મહેલ રોડ, વેરાવળ **.....વાદી**

**–:: વિરૂધ્ધ ::–**

(૧) ઝાલા દેવાયત ઉર્ફે દેવાતભાઈ લખમણભાઈ,
ઉ.વ.આ.૪૮, ધંધો : કોન્ટ્રાકટર,
રહે.વેરાવળ

(૨) રાજાભાઈ જેઠાભાઈ ઝાલા,
ઉ.વ.આ.૪૮, ધંધો : ખેતી,
રહે.આંબલીયારા, તા.વેરાવળ

(૩) રાણાભાઈ માંડાભાઈ સોલંકી,
ઉ.વ.આ.૪૫, ધંધો : ખેતી,
રહે.દેદા, તા.વેરાવળ **.....પ્રતિવાદી**

**<u>દાવો :–કરાર ભંગ અંગેની નુકશાન વળતર તથા પેનલ્ટી વિગેરેની લેણી રકમ વસુલાત મેળવવા અંગે....</u>**

---

| | | |
|---|---|---|
| વાદી તરફે | : | વિ. વકીલશ્રી વી.આર.દરી |
| પ્રતિવાદી નં.૧ તરફે | : | વિ. વકીલશ્રી યુ.સી.પટેલ |
| પ્રતિવાદી નં.૨ અને ૩ તરફે | : | વિ. વકીલશ્રી એચ.એન.વાળા |

---

**<u>–:: ઠ રા વ ::–</u>**

**(૧)** આ કામના વાદી વેરાવળ–પાટણ સંયુકત નગર સેવા સદન એ ગુજરાત મ્યુનીસીપાલીટી એકટના કાયદાના પ્રબંધો અન્વયેની જાહેર સંસ્થા છે અને સદરહુ કાયદાના પ્રબંધો અન્વયે વેરાવળ શહેરના મ્યુનીસીપલ હદ વિસ્તારમાં સમાવિષ્ટ શહેરી વિસ્તાર અંગે નગરપાલીકાને મળેલ અધિકારની રુએ સદરહુ સંબંધિત વિસ્તાર અંગેના કાયદેસરના તમામ પ્રકારના વહીવટ, સંચાલન, વ્યવસ્થા, વ્યવહાર વિગેરે કરે છે અને તે માટેના તમામ પ્રકારના કાયદેસરના અધિકારો ધરાવે છે. જુનાગઢ જીલ્લાના શહેર વેરાવળની રેવન્યુ હદ વિસ્તારમાં આવેલ દેવકા નદીના પુલથી ભીડીયા સર્કલ (હિન્દુસ્તાન પેટ્રોલીયમ) સુધીના નગર પાલીકાના હદ વિસ્તારમાં રાખવામાં આવતી કેબીનો, રેકડીઓ, પથારા વિગેરે જે તે સંબંધીત આસામી–વપરાશકારો ઉપયોગકર્તાઓને કામ ચલાવ હંગામી ધોરણે લાયસન્સથી મર્યાદિત સમય પુરતો વપરાશ કરવા માટે લાયસન્સથી આપવા માટે અને સદરહુ જમીન વપરાશ માટેનું જમીન ભાડુ (લાયસન્સ ફી) ઉઘરાવવા માટે વાદી કાયદેસર હકકદાર છે તેમજ તે માટે ચોકકસ નિયત શરતોએ ''ઈજારો'' આપવા માટેના કાયદેસરના હકક અધિકાર પણ વાદી નગરપાલીકાને છે. સદરહુ જમીન ભાડાની લેવી લાયસન્સ ફી ના ઈજારાને ''વોર્ડ વસુલાત ઈજારા'' તરીકે પણ ઓળખવામાં તેમજ સંબોધવામાં આવે છે. તેમજ કેટલાક વર્ષોથી સદરહુ લેવી લાયસન્સ ફી ની વસુલાત વાદી નગરપાલીકા કાયદેસરની જાહેર

હરાજીથી વાર્ષિક ઈજારા માફરત કરે છે.

**(૧.૧)** વધુમાં, વાદી નગર પાલીકાએ સને ૨૦૦૮–૨૦૦૯ ના વર્ષ માટે વાદગ્રસ્ત વોર્ડ વસુલાતના ઈજારા સહિત અન્ય ઈજારા વિગેરે જાહેર હરાજીથી આપવાનું નકકી કરતા અને સદરહુ ઈજારાની જાહેર હરાજી તા.૨૯/૦૩/૨૦૦૮ ના રોજ વાદી વેરાવળ નગર સેવા સદન કચેરીમાં કરવાનું નકકી કરતા સદરહુ બાબતે વાદીએ તા.૧૭/૦૩/૨૦૦૮ ના દિનાંકની જાહેર નોટીસ દૈનિક વર્તમાનપત્ર ''સંદેશ'' માં આપેલ છે તેમજ સદરહુ નોટીસની નગરપાલીકા તથા અન્ય જાહેર સંસ્થાઓ તેમજ સરકારી કચેરીઓ વિગેરેમાં પુરતી પ્રસિધ્ધી માટે મોકલી સદરહુ ''ઈજારા'' અંગે પુરતી જાહેરાત કરતા આ કામના પ્રતિવાદી નં.૧ દેવાયત ઉર્ફે દેવાતભાઈ લખમણભાઈ ઝાલા તથા અન્ય આસામીઓએ સદરહુ તા.૨૯/૦૩/૨૦૦૮ ના રોજ વાદીની કચેરીએ નિયમ મુજબની ડિપોઝીટ ભરી, ઈજારાની શરતો જોઈ, વાંચી, તપાસી, સાંભળી, સમજી, સહી કરી સદરહુ તા.૨૯/૦૩/૨૦૦૮ ના રોજ થયેલ વાદગ્રસ્ત ''વોર્ડ વસુલાત'' ના ઈજારાની જાહેર હરાજીમાં ભાગ લઈ જુદી જુદી બોલી–માંગણી–પ્રસ્તાવ કરી છેવટ સદરહુ વોર્ડ વસુલાત માટેની સૌથી ઉંચી અને વ્યાજબી બોલી–માંગણી–પ્રસ્તાવ પ્રતિવાદી દેવાયત ઉર્ફે દેવાતભાઈ લખમણભાઈ ઝાલાએ સદરહુ વાદગ્રસ્ત ઈજારા માટે રૂા.૯,૪૫,૦૦૦/– અંકે રૂપિયા નવ લાખ પીસ્તાલીસ હજાર પુરાનો કરતા અને સદરહુ પ્રસ્તાવ–માંગણી–બોલી વાદી નગરપાલીકાને મંજુર હોય વાદી નગરપાલીકાએ આ કામના પ્રતિવાદી દેવાયત ઉર્ફે દેવાતભાઈ લખમણભાઈ ઝાલાને તા.૧/૪/૨૦૦૮ થી તા.૩૧/૩/૨૦૦૯ ના સમય માટેનો વાદગ્રસ્ત ''વોર્ડ વસુલાત'' (લેવી) વસુલ કરવાનો ઈજારો સદરહુ એક વર્ષ માટે આપવાનુ વાદીની ઈજારાની નિયત શરતો મુજબ આપવાનું મંજુર કરેલ અને સદરહુ તમામ વિગતે સદરહુ તા.૨૯/૦૩/૨૦૦૮ ના રોજ સદરહુ જાહેર હરાજીનું કાયદેસરનું રોજકામ પણ થયેલ છે. જેમાં સંબંધીત આસામીઓની કબુલાત બદલ સહીઓ કરવામાં આવેલ છે.

**(૧.૨)** ઉપરોકત વિગતે જાહેર હરાજીથી પ્રતિવાદી દેવાયત ઉર્ફે દેવાતભાઈ લખમણભાઈ ઝાલાને સદરહુ વાદગ્રસ્ત વોર્ડ વસુલાતની લેવ્રી વસુલ કરવાનો ઈજારો રૂા.૯,૪૫,૦૦૦/- અંકે રૂપિયા નવ લાખ પીસ્તાલીસ હજાર પુરામાં સદરહુ ઈજારાની જાહેર હરાજીની શરતો મુજબ આપવાનું મંજુર થતા સદરહુ પ્રતિવાદીએ વાદી નગરપાલીકા જોગ પોતે જાતે તેમજ પોતાના જામીનદારો સહિત સદરહુ વાદગ્રસ્ત ઈજારા અંગેનો કાયદેસરનો કરાર-એગ્રીમેન્ટ વાદી નગરપાલીકા જોગ કરી આપેલ છે તેમજ તેમાં પ્રતિવાદી નં.૧ ઈજારાદારશ્રી દેવાયત ઉર્ફે દેવાતભાઈ લખમણભાઈ ઝાલાએ પોતે સદરહુ કરાર તેમજ તેમાની શરતો કબુલી સ્વહસ્તે તેમાં પોતે પોતાની સહી કરી આપેલ છે તેમજ પ્રતિવાદી નં.ર શ્રી રાજાભાઈ જેઠાભાઈ ઝાલા તથા પ્રતિવાદી નં.૩ શ્રી રાણાભાઈ એમ. સોલંકી એમ બંને જામીનદારોએ સદરહુ કરાર અંગેની પોતાની તમામ પ્રકારની જવાબદારી સ્વીકારી સદરહુ કરારમાં તેઓ બંને જામીનદારોએ જામીન તરીકે પોતાની સહીઓ સમજી, વાંચી, વિચારીને સ્વહસ્તે કરી આપેલ છે તેમજ સાક્ષીઓની શાખ કરાવી આપેલ છે. સદરહુ તમામ વિગતે આ કામના તમામ પ્રતિવાદીઓએ સંયુકત તેમજ વિભકત રીતે એમ દરેક રીતે વાદીને ચુકવવાની વાદગ્રસ્ત ''વોર્ડ વસુલાત''ની લેવ્રીની વસુલાત કરવા માટેના ઈજારાની રકમ રૂા.૯,૪૫,૦૦૦/- અંકે રૂપિયા નવ લાખ પીસ્તાલીસ હજાર પુરાની રકમ જાહેર હરાજીની શરતો અને તેમણે કરી આપેલ કરારની શરતો મુજબ અમલવારી કરવાની ખાત્રી અને બાંહેધરી અને કબુલાત આપેલ છે તેમજ દરેક પ્રકારની જવાબદારી સ્વીકારેલ છે અને સદરહુ કરાર સંબંધીત તમામ કૃત્યો માટે સદરહુ તમામ પ્રતિવાદીઓ સમાન રીતે સંપુર્ણપણે વાદી જોગ કાયદેસર જવાબદાર છે.

**(૧.૩)** પ્રતિવાદી સાથે થયેલ ઉપરોકત કરાર અને તેમાની દર્શાવેલ શરતો અનુસાર પ્રતિવાદીઓ વાદીની સદરહુ વાદગ્રસ્ત ઈજારાની રકમ રૂા.૯,૪૫,૦૦૦/- અંકે રૂપિયા નવ લાખ પીસ્તાલીસ હજાર પુરાની રકમ ચાર સરખા હપ્તાથી નીચેની

વિગતે વાદીને ચુકવવાની થતી હતી.

| | | |
|---|---|---|
| (૧) | પહેલો હપ્તો તા.૦૧/૦૪/૨૦૦૮ | રૂા.૨,૩૬,૨૫૦/– |
| (૨) | બીજો હપ્તો તા.૦૧/૦૭/૨૦૦૮ | રૂા.૨,૩૬,૨૫૦/– |
| (૩) | ત્રીજો હપ્તો તા.૦૧/૧૦/૨૦૦૮ | રૂા.૨,૩૬,૨૫૦/– |
| (૪) | ચોથો હપ્તો તા.૦૧/૦૧/૨૦૦૯ | રૂા.૨,૩૬,૨૫૦/– |
| | ઈજારાની કુલ રકમ | રૂા.૯,૪૫,૦૦૦/– |

સદરહુ વિગતે પ્રતિવાદીએ કરાર મુજબ નિયમીત રીતે વાદીની સદરહુ વાદગ્રસ્ત ઈજારાની રકમ રૂા.૯,૪૫,૦૦૦/–પુરા ઉપરોકત નિર્દિષ્ટ એવા ચાર હપ્તાથી વાદીને ચુકવવાની સ્પષ્ટ શરત અને કરાર હોવા છતાં પ્રતિવાદીએ વાદીની સદરહુ લેણી રકમ પેટે માત્ર પ્રથમ હપ્તાની દર્શાવેલ રકમ રૂા.૨,૩૬,૨૫૦/– ભર્યા બાદ અન્ય ચડત હપ્તા કરારની શરતો અનુસાર ભરપાઈ કરેલ નથી અને કરાર ભંગ કરેલ છે.

**(૧.૪)** પ્રતિવાદીએ તા.૦૧/૦૭/૨૦૦૦ સુધીમાં વાદીને ચુકવવાની વાદગ્રસ્ત ઈજારાની બીજા હપ્તાની ચડત રકમ રૂા.૨,૩૬,૨૫૦/– અંકે રૂપિયા બે લાખ છત્રીસ હજાર બસો પચાસ ચડત થવા છતાં અને સદરહુ ચડત હપ્તાની રકમ વાદીને ચુકવવા માટે પ્રતિવાદીને વાદીએ અવાર નવાર યાદી આપવા છતા અને ઉઘરાણી કરવા છતા પ્રતિવાદીઓ લાંબા સમય સુધી વાદીની સદરહુ લેણી ચડત રકમ નહી ચુકવતા છેવટ તા.૦૪/૦૯/૨૦૦૮ ના રોજ લેખીત નોટીસ કરી કરાર મુજબ સદરહુ બીજા હપ્તાની રકમ વ્યાજ સહિત તાત્કાલીક ભરી જવા અને કસુરે કરારની શરત ભંગ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવા વાદીએ પ્રતિવાદીને નોટીસથી તાકીદ કરેલ અને સદરહુ નોટીસ પ્રતિવાદીને બજી જવા છતાં પ્રતિવાદી નં.૧ નાએ વાદીની ચડત હપ્તાની કોઈ રકમ ભરેલ નહી કે કોઈ પ્રત્યુતર આપેલ નહી અને પરિણામે વાદી નગરપાલીકાને ઈજારાની કરારની શરતો અનુસાર વાદગ્રસ્ત ''વોર્ડ વસુલાત'' ની લેત્રી વસુલ કરવા માટે પ્રતિવાદી નં.૧

ને આપેલ સદરહુ ઈજારો રદ કરવા ફરજ પડેલ અને કાયદેસરની કાર્યવાહીએ પ્રતિવાદી નં.૧ ને આપેલ સદરહુ વાદગ્રસ્ત ઈજારો વાદીએ કાયદેસરની કાર્યવાહી કરી તા.૨૪/૦૯/૨૦૦૮ ના રોજના કારોબારી સમિતીના ઠરાવ નં.૧૧ કરી તેમાની વિગતો મુજબ પ્રતિવાદી નં.૧ ને આપેલ વાદગ્રસ્ત ઈજારો તા.૦૧/૧૦/૨૦૦૮ થી કાયમી ધોરણે રદ કરેલ છે અને સદરહુ વિગતે પ્રતિવાદીને વિગતવાર જાણ કરતી નોટીસ વાદી નગરપાલીકા ધ્વારા તા.૨૯/૦૯/૨૦૦૮ ના રોજની કાયદેસરની નોટીસ મારફત જાણ કરેલ છે. જે નોટીસ સદરહુ પ્રતિવાદી નં.૧ શ્રી દેવાયતભાઈ ઉર્ફે દેવાતભાઈ લખમણભાઈ ઝાલાને તેમના રહેણાંકના સરનામે કુરીયાર મારફત તા.૨૯/૦૯/૨૦૦૮ ના રોજ મોકલેલ હોવા છતાં અને પ્રતિવાદીએ સદરહુ કુરીયર મારફત મોકલેલ નોટીસ નહી સ્વીકારતા પરત આવેલ. જેથી બીજા દિવસે તા.૩૦/૦૯/૨૦૦૮ ના રોજ વાદી નગરપાલીકાના પોતાના સંબંધીત અધિકારીઓ તેમજ પંચોએ વેરાવળમાં લોહાણા મહાજન વાડી પાસે આવેલ ''કાવેરી એપાર્ટમેન્ટ'' બ્લોક નં.૪ માના પ્રતિવાદી નં.૧ ના રહેણાંકી મકાને હાજર થઈ સદરહુ સંબંધીત અધિકારીઓ તેમજ પંચોની હાજરીમાં સદરહુ તા.૨૯/૦૯/૨૦૦૮ના દિનાંકની ઈજારો રદ કરવા વિગેરેની નોટીસ સદરહુ રહેણાંક મકાને ચોટાડી બજાવેલ છે તેમજ સદરહુ બાબતનું સ્થળ ઉપર પંચ રોજકામ કરી તેમાં વાદીના અધિકારીઓ, પંચો વિગેરેની સહીઓ કરેલ છે અને સદરહુ તમામ વિગતે પ્રતિવાદીને આપવામાં આવેલ વાદગ્રસ્ત ઈજારો રદ કરેલ હોવાની તેમજ વાદીની કરારની શરતો મુજબની બાકી રહેતી લેણી રકમ વસુલાત વિગેરે માટેની કાયદેસરની નોટીસ પ્રતિવાદી નં.૧ ને કાયદેસર બજાવેલ છે જે સદરહુ પ્રતિવાદીને કાયદેસર બજી ગયેલ છે. તેમજ તેની સદરહુ પ્રતિવાદીને પુરતી અને કાયદા અનુસાર જાણ થયેલ છે તેમજ દૈનિક વર્તમાન પત્રોમાં પણ સદરહુ વાદગ્રસ્ત ઈજારો રદ કરેલ હોવાની પણ જાહેર નોટીસ આપવામાં આવેલ છે.

(૧.૫) ઉપરોકત તમામ વિગતે આ કામના પ્રતિવાદી નં.૧ દેવાયત ઉર્ફે

દેવાતભાઈ લખમણભાઈ ઝાલાએ વાદી નગરપાલીકા જોગ કરી આપેલ વાદગ્રસ્ત કાયદેસરના કરારની સ્પષ્ટ શરતોનો બદઈરાદે જાણી જોઈને ભંગ કરેલ છે અને સદરહુ કરારની સ્પષ્ટ અને કાયદેસરની શરતો અને પ્રબંધો મુજબ વાદી નગરપાલીકા પ્રતિવાદી નં.૧ તથા તેમના જામીનો તે પ્રતિવાદી નં.ર તથા ૩ પાસેથી કરાર માંની દર્શાવેલ વિગતે બાકી ચડત હપ્તાની રકમ તમામ પ્રકારના ખર્ચ, નુકશાન, વ્યાજ, વળતર, પેનલ્ટી તેમજ તેને આનુસંગીક એવી તમામ રકમો વિશેષ વળતર વિગેરે પ્રતિવાદીઓ પાસેથી સંયુકત તેમજ વિભકત રીતે મેળવવા માટે કાયદેસર હકકદાર છે. આ કામના પ્રતિવાદીઓ પાસે હાલમાં વાદીની નીચે દર્શાવેલ બાકી રકમ લેણી નીકળે છે.

રૂા.૯,૪૫,૦૦૦/– ઈજારાની જાહેર હરાજી અને કરાર મુજબ

રૂા.ર,૩૬,૫૦૦/– પ્રતિવાદીએ વાદીને ચુકવેલ પ્રથમ હપ્તાની રકમ

----------

રૂા.૭,૦૯,૫૦૦/– પ્રતિવાદીએ વાદીને ઈજારા અંગે ચુકવવાની બાકી હપ્તાની રકમ

રૂા.૮૫,૧૪૦/– તા.૧/૭/ર૦૦૮ થી તા.૩૧/૧ર/ર૦૦૮ સુધીનું વાર્ષિક સેંકડે ૧ર% લેખે છ માસનું વ્યાજ

----------

રૂા.૭,૯૪,૬૪૦/–

રૂા.ર૫,૦૦૦/– અન્ય ખર્ચ

----------

રૂા.૮,૧૯,૬૪૦/–

સદરહુ વિગતે પ્રતિવાદીઓ ઉપર વાદીની કુલ રૂા.૮,૧૯,૬૪૦/– અંકે રૂપિયા આઠ લાખ ઓગણીસ હજાર છસો ચાલીસ પુરાની ચડત લેણી રકમ નીકળે છે. જે પેટે પ્રતિવાદીએ આજ સુધી કોઈ રકમ વાદીને ચુકવેલ નથી. સદરહુ રકમ પ્રતિવાદી વાદીને તમામ ખર્ચ નુકશાન અને વ્યાજ વળતર સહિત ચુકવી આપવા કાયદેસર

જવાબદાર છે.

**(૧.૬)** વધુમાં, આ દાવાનું કારણ પ્રતિવાદીએ વાદી નગરપાલીકાની વાદગ્રસ્ત ઈજારાની જાહેર હરાજીમાં તા.૨૯/૦૩/૨૦૦૮ ના રોજ ભાગ લઈ ઉતરોતર માંગણીએ રૂા.૯,૪૫,૦૦૦/– ની બોલી–માંગણીએ ઈજારો મેળવવા પ્રસ્તાવ–માંગણી મુકતા પ્રથમ ત્યારે તેમજ ત્યાર બાદ હરાજીની શરતો મુજબ વાદી જોગ કરાર કરી આપતા અને તા.૧/૭/૨૦૦૮ ના રોજ કરાર ભંગ કરતા પ્રથમ ત્યારે તેમજ ત્યારબાદ વાદીની અવાર નવારની માંગણી અને નોટીસ કરવા છતાં કરાર મુજબની ચડત હપ્તાની રકમ વાદીને ચુકવવા દરકાર નહી કરતા છેવટ તા.૨૪/૦૯/૨૦૦૮ ના રોજના કારોબારીના ઠરાવ અને કરારની શરતો મુજબ પ્રતિવાદી નં.૧ ને આપેલ વાદગ્રસ્ત ઈજારો રદ કરી કરારભંગ સબબ વાદીની સદરહુ બાકી ચડત રકમ વાદીને ચુકવી આપવા નોટીસ બજાવવા છતાં પ્રતિવાદીએ વાદીની સદરહુ લેણી રકમ પૈકી કોઈ જ રકમ વાદીને ન ચુકવતા દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. આમ, આ દાવો ચલાવવા અને નિકાલ કરવા આ નામદાર અદાલતને હકૂમત અને સત્તા સમાયેલી છે તેમ જણાવી આ દાવાના કામે એવી દાદ માંગેલ છે કે, (૧) દાવા અરજીમાંની નિર્દિષ્ટ વિગતે વાદીની આ કામના પ્રતિવાદીઓ ઉપર બાકી ચડત લેણી નીકળતી રકમ રૂા.૮,૧૯,૬૪૦/– અંકે રૂપિયા આઠ લાખ ઓગણીસ હજાર છસો ચાલીસ પુરાની રકમ આ કામના પ્રતિવાદીઓ વાદીને દાવાની તારીખથી વાદીને વસુલ મળતા સુધી વાર્ષિક સેંકડે ૧૨% ના ચડત વ્યાજ તથા ખર્ચ સહિત વાદીને ચુકવી આપે તેવુ હુકમનામુ પ્રતિવાદીઓની જાત તથા દરેક પ્રકારની સ્થાવર તેમજ જંગમ મિલ્કત ઉપર વાદીની તરફેણમાં ફરમાવવા તેમજ (૨) આ દાવાનું તમામ ખર્ચ વાદીને પ્રતિવાદીઓ ચુકવી આપે તેમજ (૩) આ દાવાને અનુલક્ષીને મળી શકતી અને પ્રાપ્ય એવી તેમજ નામદાર અદાલતને મુનાસીબ અને ન્યાયી લાગે તેવી તમામ દાદ વાદીની તરફેણમાં આપવા અને સદરહુ વિગતે વાદીની તરફેણમાં પ્રતિવાદીઓ સામે હુકમનામુ ફરમાવવા અરજ કરેલ છે.

(૨) આ કામે પ્રતિવાદી નં. ૧ ને દાવાનો સમન્સ બજી જતા પ્રતિવાદી નં. ૧ તેમના વિ.વકીલશ્રી મારફત હાજર થઈ આંક–૧૦ થી વાદીના દાવાનો લેખિત વાંધા જવાબ રજૂ રાખેલ છે. જેમાં મહદઅંશે વાદીના દાવાની હકીકતોનો પારાવાઈઝ ઈન્કાર કરેલ છે અને ખરી હકીકત તરીકે એવી હકીકત જણાવેલ છે કે, આ કામના સામાવાળા સંસ્થા ધ્વારા તા.૧/૪/૨૦૦૮ થી તા.૩૧/૩/૨૦૦૯ સુધીના સમયગાળા માટેનો વેરાવળ શહેરમાં દેવકા નદીના પુલથી ભીડીયા સર્કલ સુધીના વિસ્તારનો વોર્ડ વસુલાતની લેતી વસુલ કરવાનો ઈજારો બહાર પાડતા પ્રતિવાદી નં.૧ નાએ જાહેર હરાજીમાં સૌથી ઉંચી બોલીથી એટલે કે રૂપિયા નવ લાખ પીસ્તાલીસ હજાર પુરાથી આ ઈજારો રાખેલ છે. જે અન્વયે વાદીના તા.૧૨/૬/૨૦૦૮ ના પત્રથી પ્રતિવાદી નં.૧ ને આ અંગે વસુલાતના અધિકાર આપવામાં આવેલ હોવા અંગેની જાણ કરેલ છે. તે અન્વયે પ્રતિવાદી નં.૧ નાએ વાદી સંસ્થાને પ્રતિવાદી નં.૧ નાએ ભરવાના થતા હપ્તાની રકમના નીચેની વિગતેના એડવાન્સ ચેક પણ વાદી સંસ્થાના નામજોગના આપેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | બેન્કનું નામ | ચેકની રકમ | ચેક નંબર | ચેકની તારીખ |
|---|---|---|---|---|
| (૧) | વેરાવળ પીપલ્સ બેન્ક | રૂા.૨,૩૬,૨૫૦/– | ૦૧૧૨૯૭૪ | તા.૧/૪/૦૮ |
| (૨) | વેરાવળ પીપલ્સ બેન્ક | રૂા.૨,૩૬,૨૫૦/– | ૦૧૧૨૯૭૬ | તા.૧/૭/૦૮ |
| (૩) | વેરાવળ પીપલ્સ બેન્ક | રૂા.૨,૩૬,૨૫૦/– | ૦૧૧૨૯૭૭ | તા.૧/૧૦/૦૮ |
| (૪) | વેરાવળ પીપલ્સ બેન્ક | રૂા.૨,૩૬,૨૫૦/– | ૦૧૧૨૯૭૮ | તા.૧/૧/૦૯ |

ઉપર વિગતેના ચેક પ્રતિવાદી નં.૧ નાએ વાદીને એડવાન્સમાં આપેલા છે તથા તે પૈકીનો તા.૧/૪/૦૮ ની તારીખનો ચેક વાદી સંસ્થા ધ્વારા બેન્કમાં ભરપાઈ કરવામાં આવેલ અને તેની રકમ વસુલ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામના સામાવાળા સંસ્થાના જવાબદાર કર્મચારીની ગંભીર પ્રકારની બેદરકારીને કારણે અથવા તો પ્રતિવાદી નં.૧ ને હેરાન પરેશાન કરવાના પુર્વ આયોજન રૂપે બીજા હપ્તાની પ્રતિવાદી

નં.૧ પાસેથી વસુલ કરવાની થતી રકમનો ચેક આ કામના વાદી ધ્વારા તેને એડવાન્સમાં ચેક આપી દીધેલ હોવા છતાં બેન્કમાં વસુલાત માટે જમા કરાવવામાં આવેલ નહી તથા તે રકમ વસુલ લેવાની તારીખ વીતી જવા છતા અને ચેક વસુલ ના કરેલ હોવા છતાં પ્રતિવાદી નં.૧ ને કોઈ જાણ પણ કરવામાં આવેલી નથી. ત્યારબાદ અચાનક આ કામના વાદી ધ્વારા તેમના તા.૪/૯/૦૮ ના પત્ર થી બે માસ બાદ પ્રતિવાદી નં.૧ ને બીજા હપ્તાની રકમ વ્યાજ સાથે ભરપાઈ કરવા સાવ ખોટી રીતે નોટીસ આપવામાં આવતા પ્રતિવાદી નં.૧ નાએ બેન્કમાં જઈ તપાસ કરતા તેમને જાણ થયેલ કે વાદી સંસ્થાએ કોઈ અગમ્ય કારણસર પ્રતિવાદી નં.૧ નાએ વાદીને આપેલ બીજા હપ્તાની રકમ માટેનો એડવાન્સ ચેક તેણે બેન્કમાં ભરપાઈ કરેલ નથી અને બીજા હપ્તાની રકમ વસુલ લીધેલ નથી. આથી પ્રતિવાદી નં.૧ નાએ તુરત જ તા.૧૦/૦૯/૨૦૦૮ ના રોજ યુ.પી.સી. થી આ કામના વાદીને તેની નોટીસનો જવાબ આપી તેની પાસેના ચેકથી બીજા હપ્તાની રકમ વસુલ લેવા અને ચેક બેન્કમાં ભરપાઈ કરવા જણ કરેલ. પ્રતિવાદી નં.૧ નાએ વાદી સંસ્થાને એડવાન્સ ચેક આપેલ હોવા છતાં તે બેન્કમાં ભરપાઈ કરી રકમ વસુલ લેવાને બદલે પ્રતિવાદી નં.૧ ને નોટીસ આપવામાં આવતા પ્રતિવાદી નં.૧ નાએ તેનો ઉપરની વિગતે જવાબ આપી રકમ વસુલ કરવા માટે ચેક બેન્કમાં ભરપાઈ કરવા જાણ કરેલ હોવા છતાં તે રકમ વસુલ લેવા કોઈ કાર્યવાહી કરવાને બદલે આ કામના વાદી ધ્વારા કારોબારી સમિતીના ઠરાવ નંબર–૧૧ તા.૨૪/૦૯/૨૦૦૮ થી પ્રતિવાદી નં.૧ ને આપેલ ઈજારો તા.૧/૧૦/૨૦૦૮ થી રદ કરી નાખવામાં આવેલ છે તથા હરાજી સમયે પ્રતિવાદી નં.૧ નાએ ભરપાઈ કરેલ ડીપોઝીટની રકમ રૂા.૧૦,૦૦૦/– પણ ખાલસા કરવામાં આવેલ છે. તેમજ ચેક વાદી સંસ્થાને એડવાન્સ જમા કરાવેલ હોવા છતાં તે વસુલાત માટે બેન્કમાં ભરપાઈ નહી કરીને તથા તે અંગે પ્રતિવાદી નં.૧ ને કોઈ જાણ પણ નહી કરીને તથા કારોબારી સમિતી ધ્વારા પ્રતિવાદી નં.૧ ને સાંભળવા કે રજુઆત કરવાની તક પણ નહી આપીને પોતાની જવાબદારી માંથી છટકવા તથા પ્રતિવાદીને હેરાન

કરવા માટે ઈજારાની બાકી તમામ રકમ વસુલ લેવા હાલનો ખોટો દાવો કરવામાં આવેલ છે. આ કામના વાદી ધ્વારા અગાઉ પણ પોતાના લાગતા વળગતા તથા તેના અંગત માણસોને વિશેષ લાભ આપવા ભેદભાવ ભરી રીતરસમ અપનાવવામાં આવેલ છે તથા પોતાના લાગતા વળગતા સિવાય કોઈપણ ત્રાહેત આ ઈજારો રાખે નહી તે ગોઠવણના ભાગ રૂપે પ્રતિવાદી નં.૧ ને હેરાન કરવાના એકમાત્ર ઈરાદાથી તમામ કાર્યવાહી નિયમોને નેવે મુકીને તથા નગરપાલીકાની પોતાની અગાઉની કાર્યપધ્ધતિથી વિરુધ્ધ રીતે તમામ કાર્યવાહી કરવામાં આવેલ છે. જેનો એકમાત્ર ઈરાદો પ્રતિવાદી નં.૧ ને હેરાન કરી ભવિષ્યમાં તેના મળતીયા સિવાય કોઈ વ્યકિત ઈજારો જ ના રાખે તેવો છે. પ્રતિવાદી નં.૧ નાએ આ કામના વાદી ધ્વારા ઈજારો રદ કરતા ગુજરાત નગરપાલીકા અધિનીયમ ૧૯૬૩ની કલમ ૨૫૮(૧) મુજબની અરજી મ્હે.કલેકટર સાહેબ જુનાગઢ સમક્ષ તા.૧૩/૧૦/૨૦૦૮ ના રોજ દાખલ કરી નગરપાલીકા સામે મનાઈ હુકમની માંગણી કરેલ છે. તે અરજી હાલ પેન્ડીંગ છે. આમ છતાં નગરપાલીકા ધ્વારા પોતાના કર્મચારી મારફત વોર્ડ વસુલાતની લેત્રીની રકમ વસુલ કરવામાં આવે છે તથા ઉપરની તમામ હકીકત નામદાર અદાલતથી છુપાવી હાલનો દાવો સાવ ખોટી રીતે દાખલ કરવામાં આવેલ છે. વાદી નામદાર અદાલત સમક્ષ ચોખ્ખા હાથે આવેલ નથી. ઉપરની સમગ્ર હકીકતે આ કામના વાદી ધ્વારા પ્રતિવાદી નં.૧ ને સાવ ખોટી રીતે હેરાન કરવા હાલનો દાવો દાખલ કરેલ છે. આ કામના વાદી સંસ્થાએ વોર્ડ વસુલાતના ઈજારાની પ્રક્રિયામાં છેલ્લા ચાર પાંચ વર્ષથી ભેદભાવ ભરી રીત રસમ અપનાવી વોર્ડ વસુલાતના ઈજારાની પ્રક્રિયામાં કોઈ ભાગ જ ના લે તેવી કાર્યવાહીઓ કરેલ છે. આ કામના વાદી હસ્તક જયારે વસુલાત થતી હતી ત્યારે નગરપાલીકાની વોર્ડ વસુલાતની આવક વાર્ષિક રૂપિયા દોઢ લાખ જેટલી માંડ થતી હતી જયારે ઈજારો આપવાથી આવક સતત વધતી રહેલ હોવા છતાં નગરપાલીકા ઈજારાદારને સહકાર આપવાને બદલે હેરાન કરવાની કાર્યવાહી કરી રહી હોય તેના જવાબદાર કર્મચારીશ્રી તથા પદાધિકારીશ્રીઓની સમગ્ર ભુમિકા શંકાસ્પદ છે.

પ્રતિવાદી નં.૧ નાએ ગત વર્ષ કરતા અંદાજે રૂપિયા ત્રણ લાખ જેટલી વધારે રકમથી ઈજારો રાખેલ હોવા છતાં પ્રતિવાદી નં.૧ ને ખોટી રીતે હેરાન કરવામાં આવેલ રહેલ છે. આમ, સમગ્ર હકીકતે વાદી ધ્વારા હાલનો દાવો સાવ ખોટી તથા ઉપજાવી કાઢેલ હકીકતના આધારે કરવામાં આવેલ હોય તથા સત્ય હકીકતો નામદાર અદાલત સમક્ષ જાહેર કરેલ ન હોય તથા ઈજારો રદ કરવાની સમગ્ર પ્રક્રિયા તદન નિયમ વિરુધ્ધ તથા એકતરફી કરવામાં આવેલ હોય તથા ઈજારો રદ કરવાનો નિર્ણય લેતા પહેલા પ્રતિવાદીનં.૧ ને સાંભળવાની તક આપવામાં આવેલ ન હોય તથા પ્રતિવાદીનં.૧ ને ઈજારો રદ કરવાની તા.૪/૯/૦૮ના પત્રથી જાણ કર્યા બાદ પ્રતિવાદીનં.૧ નાએ કરેલ લેખીત તથા મૌખિક કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવેલ ન હોય તથા વાદી પ્રતિવાદીનં.૧ પાસેથી આ દાવાની તમામ દાદ માંગવા કે મેળવવા હકકદાર જ ન હોય હાલનો દાવો ખર્ચ સહિત રદ કરવા અને પ્રતિવાદીનં.૧ ને સ્પેશ્યલ કોસ્ટ અપાવવા હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૩) આ કામના પ્રતિવાદી નં.ર તથા ૩ને હાલના દાવાનો સમન્સ બજી જતા પ્રતિવાદી નં. ર તથા ૩ તરફે તેમના વિ.વકીલ શ્રી મારફત હાજર થયેલ છે. અને પ્રતિવાદી નં.ર તથા ૩ ને ઘણી મુદત આપવા છતાં તેઓ વાંધા જવાબ રજુ કરી શકેલ ન હોય વાંધા જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૪) આ કામના વાદી તરફે તેમના દાવાના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ રાખવામાં આવેલ છે.

**-:: મૌખિક પુરાવો ::-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | જેઠાભાઈ વીરાભાઈ સોલંકીનું સરતપાસનું સોગંદનામુ | ૭૧ |

## -:: દસ્તાવેજી પુરાવો ::-

| ક્રમ | વિગત | તારીખ | આંક |
|---|---|---|---|
| ૧. | દૈનિક વર્તમાન પત્ર ''સંદેશ'' માંની ઈજારા અંગેની જાહેરાતની ખરીનકલ | ૧૭/૦૩/૨૦૦૮ | ૭૫ |
| ૨. | ઈજારાની શરતોની ખરીનકલ | -- | ૭૬ |
| ૩. | ઈજારાની શરતોની ખરીનકલ | -- | ૭૭ |
| ૪. | ઈજારાની જાહેર હરાજીના રોજકામની ખરીનકલ | ૨૯/૦૩/૨૦૦૮ | ૭૮ |
| ૫. | વાદીએ પ્રતિવાદી નં.૧ ને લખેલ પત્રની ખરીનકલ | ૩૧/૦૩/૨૦૦૮ | ૭૯ |
| ૬. | વાદગ્રસ્ત ઈજારાનો કરાર અસલ | -- | ૮૦ |
| ૭. | વાદીએ પ્રતિવાદી નં.૧ ને આપેલ ઈજારા અંગે અધિકારપત્રની ખરીનકલ | ૧૨/૦૬/૨૦૦૮ | ૮૧ |
| ૮. | ઉપરોકત અધિકાર પત્ર મળ્યા અંગેની વાદીની સ્થાનીક ટપાલબુકની ખરીનકલ | ૧૨/૦૬/૨૦૦૮ | ૮૨ |
| ૯. | વાદીએ પ્રતિવાદીને કરેલ નોટીસની ખરીનકલ | ૦૪/૦૯/૨૦૦૮ | ૮૩ |
| ૧૦. | ઉપરોકત નોટીસ પ્રતિવાદી નં.૧ ને મળ્યા અંગેની વાદીની સ્થાનીક ટપાલબુકની ખરીનકલ | ૦૪/૦૯/૨૦૦૮ | ૮૪ |
| ૧૧. | વાદગ્રસ્ત ઈજારો રદ કર્યાની વાદીએ પ્રતિવાદી નં.૧ ને કરેલ નોટીસની ખરીનકલ | ૨૯/૦૯/૨૦૦૮ | ૮૫ |
| ૧૨. | ઉપરોકત નોટીસ કુરીયર મારફત પ્રતિવાદી નં.૧ ને મોકલેલ તેની રસીદની ખરીનકલ | ૨૯/૦૯/૨૦૦૮ | ૮૬ |
| ૧૩. | ઉપરોકત નોટીસ કુરીયર મારફત પ્રતિવાદી નં.૧ ને બજાવેલ તેની વાદીની સ્થાનીક ટપાલબુકની ખરીનકલ | -- | ૮૭ |
| ૧૪. | ઉપરોકત નોટીસ પ્રતિવાદી નં.૧ ના ઘરેને બજાવેલ હોવાના રોજકામની ખરીનકલ | ૩૦/૦૯/૨૦૦૮ | ૮૮ |
| ૧૫. | સને ૨૦૧૦-૨૦૧૧ વર્ષ માટેના ઈજારા અંગેની જાહેરાત માટે માહિતી નિયામકશ્રી જુનાગઢને મોકલેલ ઈજારા અંગેની જાહેરાત માટેના પત્રની ખરીનકલ | ૦૩/૦૩/૨૦૧૦ | ૮૯ |

| | | | |
|---|---|---|---|
| ૧૬. | ઉપરોકત પત્ર સાથે મોકલેલ ઈજારાની જાહેરાતના નમુનાની ખરીનકલ | -- | ૯૦ |
| ૧૭. | ઈજારા અંગેની ગુજરાતી દૈનિક વર્તમાન પત્ર ''ગુજરાત સમાચાર'' માં આપવામાં આવેલ જાહેરાતની ખરીનકલ | -- | ૯૧ |
| ૧૮. | ઈજારા અંગેની જાહેરાતના અનુસંધાને શાક માર્કેટ (બકાલા માર્કેટ) વેરાવળની તા.૧૨/૦૩/૨૦૧૦ ના રોજ હરાજીમાં હાજર રહેલ શખ્સના લીસ્ટની ખરીનકલ | ૧૨/૦૩/૨૦૧૦ | ૯૨ |
| ૧૯. | શાક માર્કેટ (બકાલા માર્કેટ) ના ઈજારાની શરતોની ખરીનકલ | ૦૩/૦૩/૨૦૧૦ | ૯૩ |
| ૨૦. | શાક માર્કેટ (બકાલા માર્કેટ) ના ઈજારા અંગેના રોજકામની ખરીનકલ | ૧૨/૦૩/૨૦૧૦ | ૯૪ |
| ૨૧. | વોર્ડ વસુલાતના ઈજારા અંગે તા.૧૨/૦૩/૨૦૧૦ના રોજ હરાજીમાં હાજર રહેલ શખ્સના લીસ્ટની ખરીનકલ | ૧૨/૦૩/૨૦૧૦ | ૯૫ |
| ૨૨. | વોર્ડ વસુલાતના ઈજારાની શરતોની ખરીનકલ | ૦૩/૦૩/૨૦૧૦ | ૯૬ |
| ૨૩. | વોર્ડ વસુલાતના ઈજારા અંગેના રોજકામની ખરીનકલ | ૧૨/૦૩/૨૦૧૦ | ૯૭ |
| ૨૪. | ફીશ માર્કેટના ઈજારા અંગે તા.૧૨/૦૩/૨૦૧૦ના રોજ હરાજીમાં હાજર રહેલ શખ્સના લીસ્ટની ખરીનકલ | ૧૨/૦૩/૨૦૧૦ | ૯૮ |
| ૨૫. | ફીશ માર્કેટના ઈજારાની શરતોની ખરીનકલ | ૦૩/૦૩/૨૦૧૦ | ૯૯ |
| ૨૬. | ફીશ માર્કેટના ઈજારા અંગેના રોજકામની ખરીનકલ | ૧૨/૦૩/૨૦૧૦ | ૧૦૦ |
| ૨૭. | પ્રભાસ પાટણ શાક માર્કેટ વોર્ડ વસુલાત ફીશ માર્કેટના અંગે તા.૧૨/૦૩/૨૦૧૦ના રોજ હરાજીમાં હાજર રહેલ શખ્સના લીસ્ટની ખરીનકલ | ૧૨/૦૩/૨૦૧૦ | ૧૦૧ |
| ૨૮. | પ્રભાસ પાટણના ઉપરોકત ઈજારાની શરતોની ખરીનકલ | ૦૩/૦૩/૨૦૧૦ | ૧૦૨ |
| ૨૯. | પ્રભાસ પાટણના ઉપરોકત ઈજારા અંગેના રોજકામની ખરીનકલ | ૧૨/૦૩/૨૦૧૦ | ૧૦૩ |
| ૩૦. | ઉપરોકત તમામ ઈજારા અંગેનો નગર પાલીકાના ઠરાવની ખરીનકલ | ૧૨/૦૩/૨૦૧૦ | ૧૦૪ |
| ૩૧. | તા.૦૧/૦૪/૨૦૧૦ થી તા.૩૧/૦૩/૨૦૧૧ના | ૨૬/૦૩/૨૦૧૦ | ૧૦૫ |

| | | | |
|---|---|---|---|
| | સમય માટે આપવામાં આવેલ વોર્ડ વસુલાતના ઈજારાના કરાર દસ્તાવેજની ખરીનકલ | | |
| ૩૨. | તા.૦૧/૦૪/૨૦૧૦ થી તા.૩૧/૦૩/૨૦૧૧ના સમય માટે ઉપરોકત વિગતે વોર્ડ વસુલાતના ઈજારાનો કરાર થતા ઈજારાદારને આપવામાં આવેલ સદરહુ ઈજારાની વસુલાત માટેનો અધિકાર પત્ર-વર્ક ઓર્ડરની ખરીનકલ | ૨૬/૦૩/૨૦૧૦ | ૧૦૬ |
| ૩૩. | ચીફ ઓફીસરશ્રી વેરાવળ પાટણ સંયુકત નગર પાલીકાએ આપેલ જુબાની આપવા વિગેરે બાબતે આપેલ અધિકાર પત્ર (ડેલીગેશન ઓફ પાવર્સ) અસલ | ૧૩/૦૬/૨૦૧૬ | ૧૦૭ |

ત્યારબાદ વાદી તરફે આંક-૧૧૩ થી વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરવા માંગતા નથી તે મતલબની કલોઝિંગ પુરસીસ રજૂ કરેલ છે.

(૫) આ કામના પ્રતિવાદીઓ તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ રાખવામાં આવેલ છે.

**<u>-:: મૌખિક પુરાવો ::-</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પ્રતિવાદી-દેવાયતભાઈ લખમણભાઈ ઝાલાનું સરતપાસનું સોગંદનામું | ૧૧૬ |
| ૨. | સાહેદ-જગદીશ જાદવભાઈ મોરીની જુબાની | ૧૨૧ |

**<u>-:: દસ્તાવેજી પુરાવો ::-</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | રોજમેળના ઉતારાની ખરીનકલ | ૧૨૨ |

ત્યારબાદ પ્રતિવાદી નં.૧ તરફે આંક-૧૨૪ થી વિશેષ પુરાવો રજૂ કરવા માંગતા નથી તે મતલબની કલોઝિંગ પુરસીસ રજૂ કરેલ છે.

(૬) આ કામના પ્રતિવાદી નં. ૨ તથા ૩ તરફે યોગ્ય અને પુરતી તક આપવા છતાં તેઓ પુરાવો રજુ કરી શકેલ ન હોય પ્રતિવાદી નં. ૨ તથા ૩ નો પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) આ કામે વાદી તરફે તેમના વિ.વ.શ્રી વી.આર.દરી ધ્વારા આંક–૧૨૫ થી લેખીત દલીલ રજુ રાખેલ છે. જે વંચાણે લીધી.

(૮) આ કામે પ્રતિવાદી નં.૧ તરફે વિ.વ.શ્રી યુ.સી.પટેલ ધ્વારા આંક–૧૨૯ થી લેખીત દલીલ રજુ કરેલ છે, જે વંચાણે લીધી. તેમજ પ્રતિવાદી નં.ર તથા ૩ તરફે વિ.વ.શ્રી એચ.એન. વાળાની દલીલ સાંભળી.

(૯) આ કામે મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા આંક–૩૭ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.

**–:: મુદ્દાઓ ::–**

૧. શું વાદી સાબીત કરે છે કે, વર્ષ ૨૦૦૮–૦૯ ના નાણાંકીય વર્ષ માટે વેરાવળ ગામમાં વોર્ડ વસુલાતનો ઈજારો જાહેર હરાજીથી પ્રતિવાદી નં.૧ ને રૂા.૯,૪૫,૦૦૦/– માં હરાજીની શરતો મુજબ આપવામાં આવેલો હતો?

૨. શું વાદી સાબિત કરે છે કે, ઈજારાની રકમ પૈકી ચાર સરખા હપ્તા પ્રમાણે પ્રથમ હપ્તો તા.૦૧/૦૪/૨૦૦૮ ના રોજ રૂા.૨,૩૬,૨૫૦/– નો તથા બીજો હપ્તો તા.૦૧/૭/૨૦૦૮ ના રોજ અને ત્રીજો હપ્તો તા.૦૧/૧૦/૨૦૦૮ ના રોજ અને ચોથો આખરી હપ્તો તા.૦૧/૦૧/૨૦૦૯ ના રોજ પ્રતિવાદી નં.૧

નાએ વાદીને આ ઈજારાની રકમ પૈકી ચુકવી આપવાની હતી?

૩. શું વાદી સાબિત કરે છે કે, ઈજારાની રકમ ચાર સરખા હપ્તામાં પ્રતિવાદી નં.૧ નાએ વાદીને ચુકવી આપવાની સ્પષ્ટ શરત અને કરાર હોવા છતાં પ્રતિવાદી નં.૧ નાએ વાદીની સદરહુ લેણી રકમ પેટે માત્ર પ્રથમ હપ્તાની રકમ ભર્યા બાદ અન્ય ચડત હપ્તો કરારની શરતો અનુસાર ભરપાઈ કરેલ નથી અને કરારનો ભંગ કરેલો છે?

૪. શું વાદી સાબિત કરે છે કે, વાદી અને પ્રતિવાદી નં.૨ વચ્ચે ઈજારો આપવા બાબતે થયેલ કરારમાં આ કામના પ્રતિવાદી નં.૨ અને ૩ નાઓ પ્રતિવાદી નં.૧ ના જામીનદારો થયેલ છે અને જામીનદાર તરીકે તેઓ બંને સદરહુ કરાર અંગેની પોતાની તમામ પ્રકારની જવાબદારીઓ સ્વીકારી સદરહુ કરારમાં તેઓ બંને જામીનદારોએ જામીન તરીકે પોતાની સહીઓ સમજી, વાંચી, વિચારીને સ્વહસ્તે કરી આપેલ છે તેથી પ્રતિવાદી નં.૧ જેટલા જ પ્રતિવાદી નં.૨ અને ૩ જવાબદાર બને છે?

૫. શું વાદી સાબિત કરે છે કે, તેણે પ્રતિવાદીઓ પાસે તેની લેણી રકમની ઉઘરાણી/માંગણી કરવા છતાં પ્રતિવાદીઓએ વાદીની લેણી રકમ વસુલ આપેલ નથી?

૬. શું પ્રતિવાદી નં.૧ સાબિત કરે છે કે, તેણે વાદીને ભરવાના થતા હપ્તાની રકમના એડવાન્સમાં ચાર ચેકો વાદી સંસ્થાના નામજોગ આપેલા તે પૈકી તા.૦૧/૦૪/૨૦૦૮ ની તારીખનો ચેક

વાદી સંસ્થા ધ્વારા બેંકમાં ભરપાઈ કરી પ્રથમ હપ્તાની રકમ વાદીએ વસુલ કરેલ છે?

૭. શું પ્રતિવાદી નં.૧ સાબિત કરે છે કે, બીજા હપ્તાની વસુલ કરવાની થતી રકમનો ચેક એડવાન્સમાં વાદીને આપી દીધેલ હોવા છતાં વાદી સંસ્થાના જવાબદાર કર્મચારીની ગંભીર પ્રકારની બેદરકારીના કારણે તે ચેક બેંકમાં વસુલાત માટે જમા કરાવવામાં આવેલ નથી અને વસુલ લેવાની તારીખ વીતી ગયા બાદ વાદીએ પ્રતિવાદીને ખોટી રીતે નોટીસ આપી બીજા હપ્તાની રકમ વસુલ આપવા પ્રતિવાદી નં.૧ પાસે માંગણી કરેલ છે?

૮. શું પ્રતિવાદી નં.૧ સાબિત કરે છે કે, આ કામના વાદીએ તેની કારોબારી સમિતીના ઠરાવ નંબર–૧૧, તા.૨૪/૦૯/૨૦૦૮ થી પ્રતિવાદી નં.૧ ને આપેલ ઈજારો તા.૦૧/૧૦/૨૦૦૮ થી ખોટી રીતે અને ગેરકાયદેસર રીતે રદ કરી નાખેલો છે?

૯. શું પ્રતિવાદી નં.૧ સાબિત કરે છે કે, વાદીએ ખોટી રીતે અને ગેરકાયદેસર રીતે પ્રતિવાદી નં.૧ નો ઈજારો બદઈરાદાથી રદ કરી ફરીથી તેઓ ઈજારામાં ભાગ ન લઈ શકે તેવા બદઈરાદાથી વાદીના લાગતા–વળગતા તથા અંગત માણસોને વિશેષ લાભ આપવાના બદઈરાદાથી નિતી–નિયમો વિરુઘ્ધ કાર્યવાહી કરી અગાઉના ઈજારાની રકમથી ઓછી રકમ લેવાનું નકકી કરી તથા પ્રતિવાદી નં.૧ આ ઈજારાની કાર્યવાહીમાં ભાગ ન લઈ શકે તેવા બદઈરાદાથી ઈજારો અન્ય વ્યકિતને આપી દીધેલ છે?

૧૦. શું વાદી તેની દાવા અરજી આંક–૧ ના પેરા–૧૨(૧),(૨),(૩) માં માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

૧૧. આખરી શું હુકમ અને હુકમનામું?

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયોના જવાબ નીચે મુજબ છે.

૧. ''હકારમાં '',

૨. ''હકારમાં '',

૩. ''હકારમાં '',

૪. ''હકારમાં '',

૫. ''હકારમાં '',

૬. ''નકારમાં '',

૭. ''નકારમાં '',

૮. ''નકારમાં '',

૯. ''નકારમાં '',

૧૦. ''અંશતઃહકારમાં '',

૧૧. આખરી હુકમ મુજબ.

**<u>–:: કારણો ::–</u>**

**<u>મુદ્દા નં. ૧ તથા ૨ ની સંયુકત ચર્ચા :–</u>**

**(૧૧)** આ કામના વાદી દ્વારા તેમના દાવામાં એવી રજુઆત કરવામાં આવેલ છે કે, વાદી નગરપાલિકા દ્વારા સને ૨૦૦૮–૨૦૦૯ ના વર્ષ માટે વાદગ્રસ્ત વોર્ડ વસુલાતના ઈજારા સહિત અન્ય ઈજારાઓ જાહેર હરાજીથી આપવાનું નક્કી કરતા સદર ઈજારાની

જાહેર હરાજી તા.૨૯/૦૩/૨૦૦૮ ના રોજ વેરાવળ નગર સેવા સદન કચેરીમાં કરવાનું નકકી કરેલ અને તે અંગે તા.૧૭/૦૩/૨૦૦૮ ના રોજ જાહેર નોટીસ દૈનિક વર્તમાનપત્ર "સંદેશ" માં આપેલ. તેમજ સદરહું નોટીસને નગરપાલિકા તથા અન્ય જાહેર સંસ્થાઓ પુરતી પ્રસિદ્ધિ માટે મોકલેલ. આ કામના પ્રતિવાદી નં. ૧ દ્વારા તા.૨૯/૦૩/૨૦૦૮ ના રોજ વાદીની કચેરીએ નિયમ મુજબની ડીપોઝીટ ભરી, ઈજારાની શરતો જોઇ, વાંચી, તપાસી, સાંભળી, સમજી સહી કરી સદર તા.૨૯/૦૩/૨૦૦૮ ના રોજ થયેલ વાદગ્રસ્ત વોર્ડ વસુલાતના ઈજારાની જાહેર હરાજીમાં ભાગ લઈ છેવટ સદરહું વોર્ડ વસુલાત માટેની સૌથી ઉંચી અને વ્યાજબી માંગણી બોલી પ્રસ્તાવ પ્રતિવાદી શ્રી દેવાયત ઉર્ફે દેવાતભાઇ લખમણભાઇ ઝાલાએ સદરહું વાદગ્રસ્ત ઈજારા માટે રૂા.૯,૪૫,૦૦૦/- પુરાનો પ્રસ્તાવ કરતા પ્રસ્તાવ નગરપાલિકાને મંજુર હોય નગરપાલિકાએ આ કામના પ્રતિવાદી શ્રી દેવાયત ઉર્ફે દેવાતભાઇ લખમણભાઇ ઝાલાને તા.૦૧/૦૪/૨૦૦૮ થી તા.૩૧/૦૩/૨૦૦૯ ના સમયનો વાદગ્રસ્ત વોર્ડ વસુલાત વસુલ કરવાનો ઈજારો એક વર્ષ માટે આપવાનું ઈજારાની નિયત શરતો મુજબ મંજુર કરેલ અને પ્રતિવાદીએ નગરપાલિકા જોગ પોતે જાતે તેમજ પોતાના જામીનદારો સહિત સદરહું વાદગ્રસ્ત ઈજારા અંગેનો કાયદેસરનો કરાર એગ્રીમેન્ટ વાદી નગરપાલિકા જોગ કરી આપેલ તેમજ તેમાં પ્રતિવાદી નં. ૧ ઈજારદાર શ્રી દેવાયત ઉર્ફે દેવાયતભાઇ લખમણભાઇ ઝાલાએ પોતે સદરહું કરાર તેમજ તેમાની શરતો કબુલી સ્વહસ્તે તેમાં પોતાની સહી કરી આપેલ તેમજ પ્રતિવાદી નં. ૨ શ્રી રાજાભાઇ જેઠાભાઇ ઝાલા તથા પ્રતિવાદી નં. ૩ શ્રી રાણાભાઇ એમ. સોલંકી એમ બંન્ને જામીનદારોએ સદરહું કરાર અંગેની પોતાની તમામ પ્રકારની જવાબદારી સ્વિકારી સદરહું કરારમાં તેઓ બંન્ને જામીનદારોએ જામીન તરીકે પોતાની સહીઓ સમજી, વાંચી, વિચારીને સ્વહસ્તે કરી આપેલ છે. ઉપરોક્ત કરારમાં શરતો અનુસાર પ્રતિવાદીએ વાદીની સદર વાદગ્રસ્ત ઈજારાની રકમ રૂા.૯,૪૫,૦૦૦/- ની રકમ ૪ સરખા હપ્તેથી

ચુકવવાની હતી. તેમાં (૧) પહેલો હપ્તો તા.૦૧/૦૪/૨૦૦૮ ના રોજ રૂા.૨,૩૬,૨૫૦/– (૨) બીજો હપ્તો તા.૦૧/૦૭/૨૦૦૮ ના રોજ રૂા.૨,૩૬,૨૫૦/– (૩) ત્રીજો હપ્તો તા.૦૧/૧૦/૨૦૦૮ ના રોજ રૂા.૨,૩૬,૨૫૦/– અને (૪) ચોથો હપ્તો તા.૦૧/૦૧/૨૦૦૯ ના રોજ રૂા.૨,૩૬,૨૫૦/– એમ કુલ ઈજારાની રકમ રૂા.૯,૪૫,૦૦૦/– કરાર મુજબ વાદીને ચુકવવાની સ્પષ્ટ શરત અને કરાર કરવામાં આવેલ હતો. આ કામના પ્રતિવાદી દ્વારા આંક–૧૦ થી વાદીની દાવા અરજીનો જવાબ રજુ રાખેલ છે. જેમાં વાદીની તેમના દાવા અરજી પેરા–૩ ની વિગત જણાવેલ છે તે અંગે કશુ કહેવાનું નથી તેવું જણાવેલ છે. વાદીની દાવા અરજી પેરા–૩ માં વાદગ્રસ્ત વોર્ડના ઈજારા અંગે કરેલ કાર્યવાહી જણાવવામાં આવેલ છે. જ્યારે ઈજારાની શરતો કબુલ કરી એગ્રીમેન્ટમાં સહી કરી આપેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે અને ખરી હકીકત તરીકે એવી હકીકત જણાવેલ છે કે, વાદી દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૮ થી તા.૩૧/૦૩/૨૦૦૯ સુધીના સમયગાળા માટેનો વેરાવળ શહેરમાં દેવકા નદીના પુલથી ભીડીયા સર્કલ સુધીના વિસ્તારનો વોર્ડ વસુલાતની લેત્રી વસુલ કરવાનો ઈજારો બહાર પડતા પ્રતિવાદી નં. ૧ નાએ તે જાહેર હરાજીમાં સૌથી ઉંચી બોલીથી એટલે કે રૂા.૯,૪૫,૦૦૦/– થી આ ઈજારો રાખેલ છે. જે અન્વયે વાદીના તા.૧૨/૦૬/૨૦૦૮ ના પત્રથી પ્રતિવાદીને આ અંગે વસુલાતના અધિકાર આવેલ હોવા અંગેની જાણ કરેલ છે. તે અન્વયે વાદી સંસ્થાને પ્રતિવાદીએ ભરવાના થતા હપ્તાની રકમના એડવાન્સ ચેક પણ પ્રતિવાદીએ આપેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | બેન્કનું નામ | ચેકની રકમ | ચેક નંબર | ચેકની તારીખ |
|---|---|---|---|---|
| ૧. | વેરાવળ પીપલ્સ બેન્ક | રૂા. ૨,૩૬,૨૫૦/- | ૦૧૧૨૯૭૪ | ૦૧/૦૪/૦૮ |
| ૨. | " | રૂા. ૨,૩૬,૨૫૦/- | ૦૧૧૨૯૭૬ | ૦૧/૦૭/૦૮ |
| ૩. | " | રૂા. ૨,૩૬,૨૫૦/- | ૦૧૧૨૯૭૭ | ૦૧/૧૦/૦૮ |
| ૪. | " | રૂા. ૨,૩૬,૨૫૦/- | ૦૧૧૨૯૭૮ | ૦૧/૦૧/૦૯ |

ઉપરોકત વિગત મુજબ ચેક પ્રતિવાદીએ વાદીને એડવાન્સમાં આપેલ છે. તે પૈકીના તા. ૦૧/૦૪/૨૦૦૮ ની તારીખનો ચેક વાદી સંસ્થા દ્વારા બેન્કમાં ભરપાઇ કરવામાં આવેલ છે અને તેની રકમ વસુલ કરવામાં આવેલ છે. આમ પ્રતિવાદી તરફે તેમના જવાબમાં ઈજારાની શરતો કબુલ કરી એગ્રીમેન્ટમાં સહી કરી આપેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. જયારે ખરી હકીકતમાં તેમને વાદી સંસ્થા પાસેથી સૌથી ઉંચી બોલી બોલી રૂા. ૯,૪૫,૦૦૦/– માં ઈજારો રાખેલ હોવાનું અને ઈજારાની શરતો મુજબ હપ્તાની રકમ ચુકવવા એડવાન્સ ચેકો આપેલ હોવાની હકીકત જણાવેલ છે તે જોતા પ્રતિવાદીએ જાહેર હરાજીમાં શરતો મુજબ ઈજારો રાખેલ હોવાનું અને તે મુજબ હપ્તાની રકમ ચુકવેલ હોવાનું ગર્ભીત રીતે કબુલ રાખેલ છે.

**(૧૨)** વાદી તરફે તેમની સદર હકીકત પુરવાર કરવા આંક–૭૧ થી વાદીના સાહેદ જેઠાભાઇ વિરાભાઇ સોલંકીનું પુરાવાનું સોગંદનામું રજુ રાખેલ છે. જેમાં તેમના દાવા મુજબની હકીકતો જણાવવામાં આવેલ છે. પ્રતિવાદી તરફે સદર સાહેદની ઉલટતપાસ લેવામાં આવેલ છે જેમાં સદર સાહેદને એવું સઝેશન કરવામાં આવેલ છે કે, સામાન્ય સંજોગોમાં સૌથી ઉંચી બોલી બોલે તેને ઈજારો આપવામાં આવતો હોય છે પરંતુ ઈજારો મંજુર કરવાની આખરી સત્તા ચીફ ઓફીસરશ્રી અને કમિટીને હોય છે, સૌથી ઉંચી બોલી બોલનારનો ઈજારો મંજુર કરવામાં ટેક્ષ ઈન્સ્પેકટરની કોઈ ભુમિકા હોતી નથી, જેનો ઈજારો મંજુર થાય તેનો લેખિત હુકમ કરવામાં આવે છે અને ૨૫% વસુલ લેવામાં આવે છે અને ત્યારબાદ ઈજારદારને નાણાં ઉઘરાવવાની સત્તા આપવામાં આવે છે. ઈજારદાર સાથે થતા એગ્રીમેન્ટમાં બે સાક્ષી અને ચીફ ઓફીસરની સહી થાય છે. આ કામે એગ્રીમેન્ટમાં સાક્ષીની સહી જે લેવામાં આવેલ છે તે જામીનદાર તરીકે લેવામાં આવેલ છે. આ ઈજારાના કામે જામીનદાર તરીકે રાજાભાઈ જેઠાભાઈ ઝાલા અને રાણાભાઈ સોલંકી હતા અને આગળ એવું સઝેશન કરવામાં આવેલ છે કે, આ કામે ઈજારો રૂા.૯,૪૫,૦૦૦/– માં

આપવામાં આવેલો જેના પ્રથમ હપ્તાની રકમ રૂા.૨,૩૬,૨૫૦/- ઈજારદારે નગરપાલિકામાં ભરપાઈ કરેલ છે. જે પ્રથમ હપ્તાની રકમ સમયમર્યાદામાં ભરેલ છે. ત્યારબાદ બીજો હપ્તો પ્રથમ હપ્તો ભર્યાના ત્રણ મહિના પછી ભરવાનો થતો હતો. આમ, સદર સાહેદની સરતપાસ તથા પ્રતિવાદી તરફે લેવામાં આવેલ ઉલટતપાસ જોવામાં આવે તો પણ પ્રતિવાદી દ્વારા સને ૨૦૦૮-૦૯ ના નાણાંકીય વર્ષ માટે જાહેર હરાજીમાં રૂા.૯,૪૫,૦૦૦/- માં ઈજારો રાખેલ હોવાનું જણાય આવે છે અને તેમાં પ્રથમ હપ્તો તા.૦૧/૦૪/૨૦૦૮ ના રોજ રૂા.૨,૩૬,૨૫૦/- પ્રતિવાદીએ ભરેલ હોવાનું પણ પ્રતિવાદીનું વાદીની ઉલટતપાસમાં સજેશન જોતા જણાય આવે છે. તેમજ સદર ઈજારદારે એગ્રીમેન્ટ કરી આપેલ હોવાનું અને તેમાં જામીન તરીકે રાજાભાઈ જેઠાભાઈ ઝાલા અને રાણાભાઈ સોલંકી હોવાનું પણ પ્રતિવાદી તરફે સજેશન કરવામાં આવેલ છે. તે સંજોગોમાં સદર હકીકત પણ ગર્ભિત રીતે પ્રતિવાદી તરફે સ્વિકારવામાં આવેલ છે. ઉપરાંત વાદી તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવો જોતા વાદી તરફે આંક-૭૫ થી ઈજારાની જાહેરાત રજુ કરવામાં આવેલ છે. તથા આંક-૭૭ થી ઈજારાની શરતો રજુ કરવામાં આવેલ છે અને શરતો કબુલ હોવા બદલ હરાજીમાં ભાગ લેનાર તમામ સભ્યોની સહી છે અને તેમાં પ્રતિવાદીની પણ સહી છે. તેમજ આંક-૭૮ થી સદર હરાજીનું રોજકામ કરવામાં આવેલ છે. જેમાં સૌથી ઉંચી બોલી પ્રતિવાદી દ્વારા રૂા.૯,૪૫,૦૦૦/-ની બોલવામાં આવેલ હોવાનું અને તેમાં પ્રતિવાદીની સહી હોવાનું જણાય આવે છે. તેમજ આંક-૮૦ થી એગ્રીમેન્ટ રજુ કરવામાં આવેલ છે જે એગ્રીમેન્ટમાં ઈજારદાર તરીકે પ્રતિવાદી નં. ૧ ની સહી છે તથા જામીન તરીકે પ્રતિવાદી નં. ૨ અને ૩ ની સહી છે. તેમજ સાક્ષીઓની પણ સહી છે અને તે એગ્રીમેન્ટમાં ઈજારાની શરતો જણાવવામાં આવેલ છે અને તેમાં ઈજારાની રકમ ચાર સરખા હપ્તામાં ભરી આપવાની હોવાનું જણાવેલ છે. તેમાં પહેલો હપ્તો તા.૦૧/૦૪/૨૦૦૮, બીજો હપ્તો તા.૦૧/૦૭/૨૦૦૮, ત્રીજો હપ્તો

તા.૦૧/૧૦/૨૦૦૮ તથા ચોથો હપ્તો તા.૦૧/૦૧/૨૦૦૯ ના રોજ ભરવાનો હોવાનું જણાવવામાં આવેલ છે. આમ, વાદી તરફે રજુ થયેલ પુરાવો તથા પ્રતિવાદીના જવાબ અને પ્રતિવાદી તરફે વાદીની લેવામાં આવેલ ઉલટતપાસ તથા વાદી તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા વાદી મુદ્દા નં. ૧ તથા ૨ ની હકીકતો પુરવાર કરવામાં સફળ રહેલ છે.

**(૧૩)** ઉપરાંત આ કામે પ્રતિવાદી નં. ૧ દ્વારા આંક–૧૧૬ થી તેનું પુરાવાનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે. જેની વાદી તરફે ઉલટતપાસ લેવામાં આવેલ છે. જે ઉલટતપાસ વંચાણે લેતા પ્રતિવાદી એવી હકીકતો કબુલ રાખેલ છે કે, મે નગરપાલિકાનો વોર્ડ વસુલાત માટેનો ઈજારો રાખેલો. નગરપાલિકાએ પેપરમાં જાહેરાત આપતા મને સદર ઈજારાની જાહેર હરાજીની જાણ થયેલી. જે અનુસંધાને મે નગરપાલિકામાં ઈજારા માટે અરજ અહેવાલ કરેલા. મે ઈજારા માટેની જાહેર હરાજીમાં ભાગ લીધેલો. સદર હરાજી જાહેર હરાજી હતી જેમાં બોલી બોલવા માટે મારી ઉપર કોઈ પણ જાતનું દબાણ ન હતુ. સદર હરાજીમાં બીજા લોકો જેમ ઈજારો રાખવા બોલી બોલતા હતા તેમ હું પણ બોલી બોલતો હતો. ઈજારાની શરતો બાબતે હરાજી શરૂ કરતા પહેલા ભાગ લેનારા આસામીઓને માહિતગાર કરવામાં આવેલ હતા. સદરહું ઈજારામાં ભાગ લેનાર આસામીઓને હરાજીમાં હાજરી માટે તથા શરતોની જાણ થયેલ છે તે મતલબની સહીઓ લેવામાં આવેલ હતી અને આંક–૭૭ ના દસ્તાવેજમાં ઈજારામાં ભાગ લેનારા બધા સભ્યોની સહીઓ હોવાનું તથા તેમાં તેમની સહી હોવાનું સ્વિકારેલ છે. આંક–૭૮ થી માંગણીદારોની રોજકામમાં સહી હોવાનું અને તેમાં હાઈએસ્ટ બોલી રૂા.૯,૪૫,૦૦૦/– ની છે જે મે બોલેલ છે અને તેમાં મારી સહી છે તેવું સ્વિકારેલ છે. અને આંક–૭૯ મુજબ તેમને ઈજારો આપવામાં આવેલો. સદર ઈજારો આપતા અગાઉ નગરપાલિકાએ મારી પાસેથી કરાર કરેલા છે. જે માટે સ્ટેમ્પ મે નગરપાલિકામાં રજુ કરેલ છે જે આ કામે આંક–૮૦ થી રજુ છે. આંક–૮૦ નો કરાર મે

નગરપાલિકાની પ્રોસીઝર મુજબ કરી આપેલો તેમાં ઈજારદાર તરીકે મારી સહી છે. બે જામીન અને બે સાક્ષીઓ તથા ચીફ ઓફીસરની સહી છે. જે પૈકી મારી સહી હું ઓળખુ છુ. મે આ કરાર નગરપાલીકા જોગ કાયદેસર કરી આપેલ છે તેવી હકીકત સ્વિકારેલ છે. આમ, વાદી તરફે રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો અને પ્રતિવાદીની તેમના પુરાવામાં પ્રતિવાદીની ઉલટતપાસમાં કબુલાત ધ્યાને લેતા સદર મુદ્દા નં. ૧ તથા ૨ વાદી સંપુર્ણ રીતે પુરવાર કરી શકેલ હોય મુદ્દા નં. ૧ અને ૨ નો જવાબ "**હકારમાં**" આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૩ ની ચર્ચાઃ-</u>**

(૧૪) વાદી દ્વારા હાલના દાવામાં એવી રજુઆત કરવામાં આવેલ છે કે, પ્રતિવાદીએ ઈજારાની રકમ પૈકી ૪ સરખા હપ્તા પ્રમાણે પ્રથમ હપ્તો રૂા.૨,૩૬,૨૫૦/- ની રકમ ભર્યા બાદ અન્ય ચડત હપ્તો કરારની શરતો અનુસાર ભરપાઈ કરેલ નથી અને કરારનો ભંગ કરેલ છે. પ્રતિવાદી તરફે આંક-૧૦ ના જવાબમાં વાદીની દાવા અરજીની સદર હકીકતનો ઈન્કાર કરેલ છે. વાદી તરફે સદર હકીકત પુરવાર કરવા આંક-૭૧ થી વાદીના સાહેદનું પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં તેઓએ દાવા મુજબની જ હકીકતો જણાવેલ છે અને પ્રતિવાદીએ કરાર મુજબ પ્રથમ હપ્તાની રકમ રૂા.૨,૩૬,૨૫૦/- ભર્યા બાદ અન્ય ચડત રકમ કરારની શરતો અનુસાર ભરપાઈ કરેલ નથી તેવી હકીકત જણાવેલ છે. સદર સાહેદની પ્રતિવાદી તરફે ઉલટતપાસ લેવામાં આવેલ છે તે સમગ્ર ઉલટતપાસ વંચાણે લેતા પ્રતિવાદી દ્વારા પ્રથમ હપ્તા બાદ બાકીના હપ્તાની રકમ ભરપાઈ કરી આપેલ હોવા અંગે કોઈ બચાવ લેવામાં આવેલ નથી. પરંતુ પ્રતિવાદીએ બાકીના ૩ હપ્તાના પોતે એડવાન્સ ચેકો આપેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર લાવવા પ્રયત્નો કરવામાં આવેલ છે. પ્રતિવાદી તરફે આંક-૧૧૬ થી પ્રતિવાદીનું પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં

તેઓએ કરારની શરતો મુજબ વાદી સંસ્થા જોગ એડવાન્સ ચેકો આપેલ હોવાનું અને તે પૈકી તા.૦૧/૦૪/૨૦૦૮, તા.૦૧/૦૭/૨૦૦૮, તા.૦૧/૧૦/૨૦૦/ અને તા.૦૧/૦૧/૨૦૦૯ ના રોજના ૪ ચેકો રૂા.૨,૩૬,૨૫૦/- ના આપેલ હોવાનું જણાવેલ છે. તે પૈકી વાદી સંસ્થાને એડવાન્સ ચેકો આપેલ હતા તે પૈકી ચેક નં.૦૧૧૨૯૭૪ અંગેનો તા.૦૧/૦૪/૨૦૦૮ નો ચેક વાદી સંસ્થાએ બેન્કમાં ભરપાઇ કરી રૂા.૨,૩૬,૨૫૦/- વસુલ કરેલ છે તેવું જણાવેલ છે. જ્યારે બીજા હપ્તાની રકમ બેન્કમાં ભરપાઇ કરવાની હતી તે વાદી સંસ્થાએ ચેક ભરેલ નથી તેવો બચાવ લીધેલ છે. સદર પ્રતિવાદીની વાદી તરફે ઉલટતપાસ લેવામાં આવેલ છે જેમાં પ્રતિવાદી એવી હકીકત સ્વિકારે છે કે, મને અધિકાર પત્ર મળ્યા અગાઉ મે પ્રથમ હપ્તાની રકમ નગરપાલિકાને ચુકવી આપેલ હતી એગ્રીમેન્ટ મુજબ મારે નગરપાલિકામાં કુલ ચાર હપ્તા ભરવાના હતા જે અંદાજે રૂા.૨,૩૫,૦૦૦/- ના હતા અને આગળ એવી હકીકત જણાવેલ છે કે, મે સદર ચાર હપ્તા માંથી પ્રથમ હપ્તો ભરેલો ત્યારબાદ અમોએ કોઇ હપ્તા ભરેલા હોય તેની પહોંચ મારી પાસે હોય તેવું બનેલ નથી. મે બાકીના કોઇ હપ્તા ભરેલ નથી. આમ, પ્રતિવાદી સ્વયં પોતાની ઉલટતપાસમાં સ્પષ્ટપણે એવી હકીકત સ્વિકારેલ છે કે, તેને પ્રથમ હપ્તો ભર્યા બાદ બાકીના હપ્તા તેમણે ભરેલ નથી કે તેની કોઇ પહોંચ તેમની પાસે નથી. અને આગળ એવી પણ હકીકત સ્વિકારે છે કે, તે અરસામાં મે ઇજારો લીધો તે વખતે મારૂ બેન્ક ખાતુ પીપલ્સ બેન્ક વેરાવળમાં હતુ તે સિવાય અન્ય કોઇ બેન્કમાં મારૂ ખાતુ ન હતુ. પીપલ્સ બેન્કની જે તે સમયની પાસબુક મારી પાસે છે. પીપલ્સ બેન્કમાં મારૂ એક જ એકાઉન્ટ હતુ. સદર એકાઉન્ટની ચેક બુક મને આપવામાં આવેલ હતી. તે ચેકબુકમાં જે જે ચેક ઇસ્યુ કરવામાં આવેલ હોય તેની રેકર્ડ સ્લીપ પણ ચેક બુકમાં હોય છે. સદર ઇજારાના ગાળા દરમ્યાનની ચેક બુક તથા તેની કાઉન્ટર ફોઇલ બાબતે મારે તપાસ કરીને કહી શકુ તેવી હકીકત જણાવેલ છે. પરંતુ પ્રથમ હપ્તા બાદ બીજા કોઇ હપ્તાના ચેકો આપેલ

હોય કે એકીસાથે ચાર ચેકો ચાર હપ્તા પોતે વાદીને ચુકવેલ હોય તેવો કોઇ દસ્તાવેજી પુરાવો કે ચેકબુકની કોઇ કાઉન્ટર ફોઇલ પ્રતિવાદી તરફે આ કામે રજુ કરવામાં આવેલ નથી. ઉપરાંત પ્રતિવાદી તેમની ઉલટતપાસમાં એવી હકીકત પણ સ્વિકારે છે કે, હું બીજા હપ્તાની રકમ ભરવા માટે નગરપાલિકામાં ગયેલ નથી અને આગળ એવી હકીકત પણ સ્પષ્ટપણે સ્વિકારે છે કે, પ્રથમ હપ્તો ભર્યા બાદ બીજા હપ્તાઓ ભરવાની અમોએ ક્યારેય દરકાર કરેલ નથી. આમ, વાદી તરફે રજુ થયેલ પુરાવો તથા પ્રતિવાદીની તેમની ઉલટતપાસમાં સ્પષ્ટ કબુલાત ધ્યાને લેતા પ્રતિવાદીએ ઈજારાની રકમના ચાર સરખા હપ્તામાંથી પ્રથમ હપ્તાની રકમ ભર્યા બાદ અન્ય ચડત હપ્તા કરારની શરતો અનુસાર ભરપાઈ કરેલ નહી હોવાનું સ્પષ્ટ જણાય આવે છે અને આંક–૮૦ ના કરારમાં સદર રકમ ચાર હપ્તામાં ભરવાની સ્પષ્ટ શરત કરવામાં આવેલ છે અને પ્રતિવાદીએ તે શરત મુજબ પ્રથમ હપ્તા બાદ બાકીના કોઇ હપ્તા ભરેલ નહીં હોવાનું સ્પષ્ટપણે જણાય આવતુ હોય પ્રતિવાદીએ કરારનો ભંગ કરેલ હોવાનું જણાય આવે છે તે સંજોગોમાં વાદી મુદ્દા નં. ૩ ની હકીકતો પુરવાર કરતા હોય મુદ્દા નં. ૩ નો જવાબ "**હકારમાં**" આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૪ ની ચર્ચાઃ–</u>**

**(૧૫)** વાદી દ્વારા તેમના દાવામાં એવી હકીકત જણાવવામાં આવેલ છે કે, વાદી અને પ્રતિવાદી નં. ૧ વચ્ચે ઈજારો આપવા બાબતે થયેલ કરારમાં આ કામના પ્રતિવાદી નં. ૨ અને ૩ નાઓ પ્રતિવાદી નં. ૧ ના જામીનદાર થયેલ છે અને જામીનદાર તરીકે તેઓ બંન્ને સદરહું કરાર અંગેની પોતાની તમામ પ્રકારની જવાબદારીઓ સ્વિકારી સદર કરારમાં બંન્ને જામીનદારોએ જામીન તરીકે પોતાની સહી સમજી, વાંચી, વિચારીને સ્વહસ્તે કરી આપેલ છે તેથી પ્રતિવાદી નં. ૧ જેટલા જ પ્રતિવાદી નં. ૨ અને ૩ જવાબદાર બને છે. પ્રતિવાદી નં. ૨, ૩ તરફે હાલના દાવાનો કોઇ જવાબ રજુ કરવામાં આવેલ નથી. કે વાદીના દાવાની

સદર હકીકતને પ્રતિવાદી નં. ૨, ૩ તરફે પડકારવામાં આવેલ નથી. વાદી દ્વારા આંક–૭૧ થી વાદીના પુરાવાનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે. જેમાં તેમના દાવા મુજબની જ હકીકતો જણાવવામાં આવેલ છે. વાદીની પ્રતિવાદી નં. ૨, ૩ તરફે ઉલટતપાસ લેવામાં આવેલ છે. જેમાં લેણાની કોઇ જાણ જામીનદારોને કરવામાં આવેલ નથી અને આ કામે જામીનદાર પાસે સીક્યુરીટી પેટે કોઇ રકમ જમા લીધેલ નથી. તેમજ પ્રથમ મુળ ઈજારદાર પાસેથી રકમ વસુલવાની હોય છે અને ત્યારબાદ જામીનની જવાબદારી થાય છે તેવા સજેશન કરવામાં આવેલ છે જે હકીકત વાદી સ્વિકારે છે. પરંતુ પ્રતિવાદી નં. ૨,૩ તરફે વાદીની લેવામાં આવેલ ઉલટતપાસમાં પ્રતિવાદી નં. ૨, ૩ નાએ પ્રતિવાદી નં. ૧ ના જામીનદાર તરીકે જવાબદારી સ્વિકારેલ ન હોય એવી કોઇ તકરાર પ્રતિવાદી નં. ૨, ૩ તરફે લેવામાં આવેલ નથી અને મુળ ઈજારદાર પાસેથી રકમ વસુલવાની હોય અને ત્યારબાદ જામીનદારની જવાબદારી થાય છે તેવું સઝેશન કરવામાં આવેલ છે. જે જોતા મુળ ઈજારદાર પાસેથી રકમ વસુલ ન થાય તો જામીનદારની પણ જવાબદારી થતી હોવાનું પ્રતિવાદી નં. ૨, ૩ તરફે ગર્ભીત રીતે સ્વીકાર કરવામાં આવેલ છે. ઉપરાંત વાદી તરફે આંક–૮૦ થી રજુ કરવામાં આવેલ એગ્રીમેન્ટમાં પ્રતિવાદી નં. ૨, ૩ નાની જામીનદાર તરીકે સહી છે. અને તેમણે પ્રતિવાદી નં. ૧ ના જામીનદાર તરીકે સદર એગ્રીમેન્ટમાં સહી કરેલ હોવાનું સ્પષ્ટ જણાય આવે છે અને જામીનદાર તરીકે પ્રતિવાદી નં. ૧ ઈજારાની રકમ ન ચુકવે તો પ્રતિવાદી નં. ૨, ૩ ની પણ પ્રતિવાદી નં. ૧ જેટલી જ જવાબદારી બને છે. અને તે હકીકતનો પ્રતિવાદી નં. ૨, ૩ તરફે સ્પષ્ટપણે ઈન્કાર કરવામાં આવેલ નથી કે પ્રતિવાદી નં. ૨, ૩ નાએ જામીનગીરી સ્વિકારેલ નહીં હોવાનો પણ કોઈ બચાવ લેવામાં આવેલ નથી તે હકીકત જોતા પ્રતિવાદી નં. ૧ અને વાદી વચ્ચે ઈજારો આપવા બાબતે થયેલ કરારમાં પ્રતિવાદી નં. ૨, ૩ પ્રતિવાદી નં. ૧ ના જામીન થયેલ હોવાનું અને પ્રતિવાદી નં. ૨, ૩ બંન્ને સદરહું કરાર અંગે પોતાની તમામ પ્રકારની

જવાબદારીઓ સ્વિકારી કરારમાં બંન્ને જામીનદારોએ જામીન તરીકે પોતાની સહીઓ કરી આપેલ હોવાનું જણાય આવે છે અને તેવા સંજોગોમાં પ્રતિવાદી નં. ૨, ૩ પણ પ્રતિવાદી નં. ૧ જેટલા જ જવાબદાર થતા હોવાનું પુરવાર કરવામાં વાદી સફળ થયેલ હોય મુદ્દા નં. ૪ નો જવાબ "**હકારમાં**" આપવામાં આવે છે.

**મુદ્દા નં. ૫ ની ચર્ચાઃ–**

**(૧૬)** વાદી દ્વારા હાલના દાવામાં એવી રજુઆત કરવામાં આવેલ છે કે, પ્રતિવાદીને આપવામાં આવેલ વાદગ્રસ્ત ઈજારો રદ્દ કરેલ હોવાનું તેમજ વાદીની કરારની શરતો મુજબની બાકી રહેતી લેણી રકમ વસુલાત વિગેરે માટેની કાયદેસરની નોટીસ પ્રતિવાદી નં. ૧ ને કાયદેસર બજાવેલ છે જે સદરહું પ્રતિવાદીને કાયદેસર બજી ગયેલ છે તેમજ તેની સદરહું પ્રતિવાદીને પુરતી અને કાયદા અનુસાર જાણ થયેલ છે. તેમજ દૈનિક વર્તમાન પત્રોમાં પણ સદરહું વાદગ્રસ્ત ઈજારો રદ્દ કરેલ હોવાની જાહેર નોટીસ પણ આપવામાં આવેલ છે. અને પેરા–૮ માં જણાવેલ હરાજીની વિગતે પ્રતિવાદીએ વાદીને કુલ રૂા. ૮,૧૯,૬૪૦/– પુરાની ચડત લેણી બાકી રકમ નિકળે છે જે પછી પ્રતિવાદીએ આજ સુધી કોઈ રકમ વાદીને ચુકવેલ નથી. આમ, વાદીની સદરહું બાકી થતી રકમ વાદીને ચુકવી આપવા માટે નોટીસ આપવા છતા પ્રતિવાદીએ વાદીને સદર વાદગ્રસ્ત લેણી રકમ પૈકીની કોઇ જ રકમ વાદીને ચુકવેલ નથી. પ્રતિવાદી તરફે તેમના જવાબમાં વાદીની સદર હકીકતનો ઈન્કાર કરેલ છે વાદી તરફે સદર હકીકત પુરવાર કરવા માટે આંક–૭૧ થી વાદીનું પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે જેમાં તેમના દાવા મુજબની જ હકીકતો જણાવેલ છે. પ્રતિવાદી તરફે વાદીની ઉલટતપાસ લેવામાં આવેલ છે. જેમાં ઈજારદારને પ્રથમ વખતે નોટીસ ક્યારે કરી તે રેકર્ડ જોઇને કહી શકે તેવું વાદીના સાહેદે જણાવેલ છે. તેમજ ઉપરોક્ત મુદ્દા નં. ૩ માં ચર્ચા કર્યા મુજબ વાદીની લેણી રકમ પ્રતિવાદીએ વસુલ આપેલ

નહી હોવાનું સ્પષ્ટ જણાય આવે છે. ઉપરાંત વાદી તરફે આંક–૮૩ થી પ્રતિવાદીને તા.૦૪/૦૯/૨૦૦૮ ના રોજ નોટીસ આપવામાં આવેલ છે તથા આંક–૮૫ થી તા.૨૯/૦૯/૨૦૦૮ ના રોજ પ્રતિવાદીનો ઈજારો રદ્દ કરવામા આવેલ હોવાનું અને ઈજારાની અવેજની બાકી રકમ ચુકવવા અંગે પ્રતિવાદીને નોટીસ કરેલ હોવાનું જણાય આવે છે. ઉપરાંત આ કામે પ્રતિવાદીની આંક–૧૧૬ ની જુબાનીમાં ઉલટતપાસમાં પ્રતિવાદી એવી હકીકત સ્વિકારે છે કે, આંક–૮૩ વાળી નોટીસ મને નગરપાલિકાની સ્થાનિક ટપાલબુક મારફતે મોકલેલી હતી જે મે સ્વિકારેલ છે જેમાં મારી ટુંકી સહી છે. જે આ કામે આંક–૮૪ થી રજુ છે. અને એવી હકીકત પણ સ્વિકારેલ છે કે, મને નોટીસ મળવા છતા મને જાણ હોવા છતા બીજા હપ્તાની રકમ નહીં ભરતા નગરપાલીકાએ મારો ઈજારો રદ્દ કરેલ છે. જે આંક–૮૫ ના પત્રથી ઈજારો રદ્દ કર્યાની મને જાણ કરવામાં આવેલ છે. આમ, પ્રતિવાદીની તેમની ઉલટતપાસમાં સ્પષ્ટ સ્વિકૃતી ધ્યાને લેતા પણ વાદીએ પ્રતિવાદી પાસેથી નોટીસ મારફત લેણી રકમની ઉઘરાણી કરેલ હોવાનું અને માંગણી કરવા છતા પ્રતિવાદીએ વાદીની લેણી રકમ વસુલ આપેલ નહીં હોવાનું પુરવાર થતુ હોય મુદ્દા નં. ૫ નો જવાબ "**હકારમાં**" આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૬ અને ૭ ની સંયુક્ત ચર્ચાઃ–</u>**

**(૧૭)** પ્રતિવાદી દ્વારા તેમના જવાબમાં એવી તકરાર લેવામાં આવેલ છે કે, પ્રતિવાદીએ વાદીને ભરવાના થતા હપ્તાની રકમના એડવાન્સમાં ચાર ચેકો વાદી સંસ્થાના નામ જોગ આપેલા તે પૈકી તા.૦૧/૦૪/૨૦૦૮ ની તારીખનો ચેક વાદી સંસ્થા દ્વારા બેન્કમાં ભરપાઈ કરી પ્રથમ હપ્તાની રકમ વાદીએ વસુલ કરેલ છે. બીજા હપ્તાની વસુલ કરવાની થતી રકમનો ચેક એડવાન્સમાં વાદીને આપી દીધેલ હોવા છતા વાદી સંસ્થાના જવાબદાર કર્મચારીની ગંભીર પ્રકારની બેદરકારીના કારણે તે ચેક બેન્કમાં વસુલાત માટે

જમા કરાવવામાં આવેલ નથી અને વસુલ લેવાની તારીખ વીતી ગયા બાદ વાદીએ પ્રતિવાદીને ખોટી રીતે નોટીસ આપી બીજા હપ્તાની રકમ વસુલ આપવા પ્રતિવાદી નં. ૧ પાસે માંગણી કરેલ છે. સદર હકીકત પ્રતિવાદીએ તેમની તરફે પુરાવાથી પુરવાર કરવાની રહે છે. પ્રતિવાદી તરફે આંક-૧૧૬ થી પ્રતિવાદીના પુરાવાનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે. જેમાં પણ તેઓએ વાદી સંસ્થાને ચાર ચેકો એડવાન્સ આપેલ હોવાનું અને તે પૈકીનો એક ચેક તા.૦૧/૦૪/૨૦૦૮ ના રોજ બેન્કમાં ભરપાઇ કરી રૂા.૨,૩૬,૨૫૦/- વસુલ કરેલ હોવાનું જ્યારે બીજા હપ્તાની રકમ બેન્કમાં ભરપાઇ કરવાની હતી તે સમયે વાદી સંસ્થાના જવાબદાર કર્મચારીની બેદરકારી અથવા તો અમોને હેરાન કરવા માટે પુર્વ આયોજનના ભાગરૂપે બીજા હપ્તાની અમારી પાસેથી વસુલ કરવાની રકમનો ચેક અમારા એડવાન્સ આપેલ ચેક તેની પાસે હોવા છતા વસુલાત માટે બેન્કમાં જમા કરાવેલ નથી તેવી હકીકત જણાવે છે. વાદી તરફે સદર પ્રતિવાદીની ઉલટતપાસ લેવામાં આવેલ છે જેમાં પ્રતિવાદીએ એવી હકીકત સ્વિકારેલ છે કે, અમોએ સદર ચાર હપ્તામાંથી પ્રથમ હપ્તો ભરેલો. ત્યારબાદ અમોએ કોઇ હપ્તા ભરેલા હોય અને તેની પહોંચ મારી પાસે હોય તેવું બનેલ નથી. મે બાકીના કોઇ હપ્તા ભરેલ નથી તેવી હકીકત સ્વિકારેલ છે. અને આગળ એવી હકીકત પણ સ્વિકારેલ છે કે, જે અરસામાં મે ઇજારો લીધો તે વખતે મારૂ બેન્ક ખાતુ પીપલ્સ બેન્ક વેરાવળમાં હતુ તે સિવાય અન્ય કોઇ બેન્કમાં મારૂ ખાતુ ન હતુ. પીપલ્સ બેન્કની જે તે સમયની પાસબુક મારી પાસે છે. પીપલ્સ બેન્કમાં મારૂ એક જ એકાઉન્ટ હતુ. સદર એકાઉન્ટની ચેક બુક મને આપવામાં આવેલ હતી. તે ચેક બુકમાં જે જે ચેક ઇસ્યુ કરવામાં આવેલ હોય તેની રેકોર્ડ સ્લીપ પણ ચેક બુકમાં હોય છે. સદર ઇજારાના ગાળા દરમ્યાનની ચેક બુક તથા તેની કાઉન્ટર ફોઇલ બાબતે મારે તપાસ કરીને કહી શકુ તેવું જણાવેલ છે. ઉપરાંત પ્રતિવાદીએ વાદી સંસ્થાને ચેકો આપેલ હોય તે બાબતે કોઇ કાઉન્ટર ફોઇલ કે દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી.

(૧૮) ઉપરાંત પ્રતિવાદી તરફે આંક–૧૨૧ થી નગરપાલિકાના એકાઉન્ટ શાખાના કર્મચારીને તપાસવામાં આવેલ છે. સદર સાહેદ જગદિશ જાદવભાઇ મોરીએ તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, નગરપાલિકાના ચેકથી અને રોકડ નાણાંકીય થયેલા વ્યવહારો જે તે શાખામાંથી એકાઉન્ટ બ્રાન્ચ મારફત કરવામાં આવતા હોય છે. નગરપાલિકા જુદા જુદા ઈજારદારોના નાણાંકિય વ્યવહારો જે તે શાખા સાથે થયા બાદ તેમના મારફત એકાઉન્ટ શાખામાં રજુ થાય છે. સને ૨૦૦૮ ના ચોથા મહિનામાં દેવાયતભાઈ લખમણભાઈ ઝાલા કે જેઓ નગરપાલિકાના ઈજારેદાર હતા તેમના દ્વારા તેમના ખાતાનો વેરાવળ પીપલ્સ બેન્કનો ચેક નં. ૦૧૧૨૯૭૪ તા.૦૧/૦૮/૨૦૦૮ નો ચેક રૂા.૨,૩૬,૨૫૦/– નો રેવન્યુ ટેક્ષ શાખા મારફત એકાન્ટ શાખામાં આવેલો. સદર ચેક તેમને બેન્કમાં વસુલ થવા માટે બેંક ઓફ ઈન્ડીયા વેરાવળ શાખામાં જમા કરાવેલ. સદર ચેક વસુલ થતા ચેક મુજબની રકમ નગરપાલિકામાં જમા થયેલી. સદર ચેક વસુલ થયાની નોંધ તેમના હિસાબી ચોપડામાં કરવામાં આવેલી જેના રોજમેળના ઉતારાની અસલ પરથી પ્રમાણીત કરેલ નકલ આંક–૧૨૨ થી રજુ કરેલ છે. સદર સાહેદની સરતપાસ જોતા તેમને ચેક નં.૦૧૧૨૯૭૪ તા.૦૧/૦૮/૨૦૦૮ ના રોજના ઉલ્લેખ કરેલ છે. પરંતુ તેમાં તે શરતચુકથી તા.૦૧/૦૮/૨૦૦૮ જણાવેલ હોવાનું જણાય આવે છે. સદર સાહેદ દ્વારા રજુ કરેલ આંક–૧૨૨ ના રોજમેળની નકલ જોતા તેમાં પ્રતિવાદી દ્વારા આપવામાં આવેલ ચેક નં.૦૧૧૨૯૭૪ તા.૦૧/૦૪/૨૦૦૮ ના રોજના રૂા.૨,૩૬,૨૫૦/– નો ચેક હોવાનો ઉલ્લેખ છે અને તે તા.૦૨/૦૪/૨૦૦૮ ના રોજ રોજમેળમાં વસુલ થતા જમા કરવામાં આવેલ હોવાનો ઉલ્લેખ છે. આમ, જો સદર ચેક તા.૦૧/૦૮/૨૦૦૮ ના રોજનો હોય તો તા.૦૨/૦૪/૨૦૦૮ ના રોજ જમા થઈ શકે નહીં. ઉપરાંત પ્રતિવાદી તરફે તેમના જવાબમાં તથા પુરાવાના સોગંદનામામાં પણ ચેક નં.૦૧૧૨૯૭૪ તા.૦૧/૦૪/૨૦૦૮ નો હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. આમ,

સદર સાહેદની જુબાનીમાં તા.૦૧/૦૪/૨૦૦૮ ના બદલે તા.૦૧/૦૮/૨૦૦૮ શરતચુકથી લખેલ હોવાનું ધ્યાને આવે છે અને સદર ચેક તા.૦૧/૦૪/૨૦૦૮ ના રોજનો જ હોવાનું જણાય આવે છે. સદર સાહેદની વાદી તરફે ઉલટતપાસ લેવામાં આવેલ છે. જેમાં સદર સાહેદ એવી હકીકત સ્વિકારે છે કે, નગરપાલિકાના જે કોઇ આર્થિક વ્યવહારો કરવામાં આવેલ હોય તેવા તમામ આર્થિક વ્યવહારોની નોંધ અમારી એકાઉન્ટ શાખામાં કાયદેસર રીતે થાય છે તેમજ કોઇપણ આસામીએ નગરપાલિકાને પેમેન્ટ માટે આપેલા ચેકની નોંધ ચેક આપવા છતા તેની નોંધ ન કરવામાં આવતી હોય તેવું ક્યારેય બનેલ નથી. પ્રતિવાદી દેવાયત લખમણ ઝાલા મારફત ઇજારાના બીજા હપ્તાનો તા.૦૧/૦૭/૨૦૦૮ ના રોજનો રૂા.૨,૩૬,૨૫૦/– નો તેમજ ત્યારબાદ ત્રીજા હપ્તાનો તા.૦૧/૧૦/૨૦૦૮ ના રોજનો રૂા.૨,૩૬,૨૫૦/– નો તથા તેમજ ચોથા હપ્તાનો તા.૦૧/૦૧/૨૦૦૯ ના રોજનો રૂા.૨,૩૬,૨૫૦/– ના એવા બાકીના ત્રણ ચેક પૈકી કોઇ પણ ચેકો અમારી શાખામાં જમા થયેલ હોય તેવું રજીસ્ટર જોતા જણાતુ નથી. આવા ત્રણ ચેકો અમારી શાખામાં જમા થવા માટે આવેલા જ નથી. આવા કોઇ ચેક નગરપાલિકાએ બેન્કમાં જમા કરાવેલ હોય તેવું બનેલ નથી. પ્રતિવાદી દેવાયત લખમણ ઝાલાએ આ ત્રણ ચેકો નગરપાલિકામાં આપેલા હોય અને નગરપાલિકાએ જમા કરેલ ન હોય તે અંગે સદરહું દેવાયત ઝાલાએ અમારી એકાઉન્ટ શાખામાં ક્યારેય કોઇ ફરિયાદ કરેલ નથી કે અરજી આપેલ નથી. આમ, પ્રતિવાદી તરફે રજુ થયેલ પુરાવો જોતા પણ પ્રતિવાદીએ વાદી સંસ્થાને આપવાની થતી હપ્તાની રકમના એડવાન્સ ૪ ચેકો આપેલ હોય તેવી કોઇ હકીકત પ્રતિવાદીના પુરાવાથી જણાય આવતી નથી. ઉપરાંત પ્રતિવાદી તરફે તપાસવામાં આવેલ સાહેદે સ્પષ્ટપણે પ્રતિવાદીએ આવા ચેકો નગરપાલિકામાં આપેલ હોવાની હકિકતનો ઇન્કાર કરેલ છે. પ્રતિવાદી તરફે તેમને આવા ચેકો આપેલ હોય એવો કોઇ દસ્તાવેજી પુરાવો કે ચેકની કાઉન્ટર ફોઇલ આ કામમાં રજુ કરેલ નથી. તે

સંજોગોમાં પ્રતિવાદીએ વાદીને હપ્તાની ભરવાની થતી રકમના એડવાન્સમાં ચાર ચેકો વાદી સંસ્થાના નામજોગ આપેલા હોવાનું પ્રતિવાદી પુરવાર કરી શકેલ નથી જ્યારે પ્રતિવાદીએ એડવાન્સ ચાર ચેકો આપેલ હોવાની હકીકત પણ પ્રતિવાદી પુરવાર કરી શકતા ન હોય અને તેવા એડવાન્સ ચેકો વાદીને આપેલ હોવા છતા વાદી સંસ્થાના જવાબદાર કર્મચારીની ગંભીર પ્રકારની બેદરકારીના કારણે તે ચેક બેંકમાં વસુલાત માટે જમા કરવામાં આવેલ નહીં હોવાનું કે વસુલ લેવાની તારીખ વીતી ગયા બાદ વાદીએ પ્રતિવાદીને ખોટી રીતે નોટીસ આપી બીજા હપ્તાની રકમ વસુલ આપવા પ્રતિવાદી નં. ૧ પાસે માંગણી કરેલ હોવાનું પ્રતિવાદી પુરવાર કરી શકતા ન હોય મુદ્દા નં. ૬ તથા ૭ નો જવાબ "**નકારમાં**" આપવામાં આવે છે.

**મુદ્દા નં. ૮ તથા ૯ ની સંયુક્ત ચર્ચાઃ–**

**(૧૯)** પ્રતિવાદી દ્વારા તેમના જવાબમાં એવી હકીકત જણાવેલ છે કે, આ કામના વાદી દ્વારા તેની કારોબારી સમીતીના ઠરાવ નં. ૧૧, તા.૨૪/૦૯/૨૦૦૮ થી પ્રતિવાદીને આપેલ ઈજારો તા.૦૧/૧૦/૨૦૦૮ ના રદ્દ કરી નાંખવામાં આવેલ છે. તથા હરાજી સમયે પ્રતિવાદી નં. ૧ નાએ ભરપાઇ કરેલ ડીપોઝીટની રકમ પણ ખાલસા કરવામાં આવેલ છે. તથા ચેક તેની પાસે સંસ્થામાં એડવાન્સમાં જમા કરાવેલ છતા તે વસુલાત માટે બેન્કમાં ભરપાઇ નહીં કરીને તથા તે અંગે પ્રતિવાદીને કોઇ જાણ પણ નહીં કરીને કારોબારી સમીતી દ્વારા પ્રતિવાદીને સાંભળવા માટે કે રજુઆત કરવાની તક પણ નહી આપીને પોતાની જવાબદારીમાંથી છટકવા તથા પ્રતિવાદીને હેરાન કરવા માટે ઈજારાની બાકી તમામ રકમ વસુલ લેવા હાલનો ખોટો દાવો કરવામાં આવેલ છે. પ્રતિવાદી તરફે તેમની સદર હકીકત પુરવાર કરવા આંક–૧૧૬ થી પ્રતિવાદીના પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે જેમાં તેમના જવાબ મુજબની જ હકીકતો જણાવેલ છે. જ્યારે ઉલટતપાસમાં

પ્રતિવાદીએ એવી હકીકત સ્વિકારેલ છે કે, અમોએ સદર ચાર હપ્તામાંથી પ્રથમ હપ્તો ભરેલો. ત્યારબાદ અમોએ કોઇ હપ્તા ભરેલા હોય અને તેની પહોંચ મારી પાસે હોય તેવું બનેલ નથી. મે બાકીના કોઇ હપ્તા ભરેલ નથી. અને આગળ એવી પણ હકીકત સ્વિકારેલ છે કે, હું બીજા હપ્તાની રકમ ભરવા માટે નગરપાલિકામાં ગયેલ નથી. પ્રથમ હપ્તો ભર્યા બાદ બીજા હપ્તાઓ ભરવાની અમોએ ક્યારેય દરકાર કરેલ નથી. અને એવી હકીકત સ્વિકારેલ છે કે, આંક-૮૩ વાળી નોટીસ મને નગરપાલિકાની સ્થાનિક ટપાલબુક મારફતે મોકલેલ હતી જે મે સ્વિકારેલ છે જેમાં મારી ટુંકી સહી છે. આંક-૮૩ ની નોટીસ જોવામાં આવે તો પ્રતિવાદીને તા.૦૪/૦૯/૨૦૦૮ ના રોજ બીજા હપ્તાની રકમ તા.૦૧/૦૭/૨૦૦૮ ના રોજ ભરપાઇ કરવાની થાય છે. પરંતુ આજદિન સુધી બીજા હપ્તાની રકમ ભરપાઇ કરવામાં આવેલ નથી. તથા ઈજારાની જાહેર હરાજીની શરત નં. ૪ માં દર્શાવ્યા મુજબ આ નોટીસ મળ્યે તાત્કાલિક બીજા હપ્તાની રકમ રૂ.૨,૩૬,૨૫૦/- વ્યાજ સહિત ભરી જશો રકમ ન ભર્યે ઈજારાની શરત નં. ૪ માં જણાવ્યા પ્રમાણે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની રહેશે તેવું જણાવેલ છે. અને તે હકીકતની પ્રતિવાદીને જાણ હોવાનું પ્રતિવાદી દ્વારા સ્વિકારવામાં આવેલ છે. ઉપરાંત આંક-૭૭ થી રજુ થયેલ હરાજીની શરતો અંગે પણ પ્રતિવાદીને જાણ હોવાનું પ્રતિવાદી દ્વારા સ્વિકારવામાં આવેલ છે અને તેમાં શરત નં. ૪ માં બીજા, ત્રીજા, ચોથા હપ્તાની નક્કી કરેલ તારીખથી દિન-૫ માં ભરવામાં નહીં આવે તો દર માસે સેંકડે રૂ.૧/- લેખે વ્યાજ વસુલ લેવામાં આવશે. પ્રથમ હપ્તાની રકમ નિયત તારીખે ભરપાઇ કરવામાં નહીં આવે તો ઈજારા રદ્દ કરવામાં આવશે અને ભરેલ ડીપોઝીટની રકમ ખાલસા કરવામાં આવશે. બીજા, ત્રીજા, ચોથા હપ્તાની નક્કી કરવામાં આવેલ તારીખથી દિવસ-૧૫ માં ભરપાઇ કરવામાં નહીં આવે તો ઈજારદારને આપેલ ઈજારો ખાલસા કરવામાં આવશે અને ઈજારાની આખી અવેજની બાકી રહેતી રકમ ઈજારદાર પાસેથી વસુલ કરવી અને તે માટે કાયદેસર

ઈલાજ ઈજાદારના ખર્ચે લેવા નગર સેવા સદન હક્કદાર રહેશે તેવી શરત કરવામાં આવેલ છે. આમ, પ્રતિવાદી તરફે રજુ કરવામાં આવેલ પુરાવો અને તેની ઉલટતપાસ જોતા પ્રતિવાદીને વાદી દ્વારા આંક–૮૩ થી નોટીસ આપવામાં આવેલ હોવાનું અને તે નોટીસ પ્રતિવાદીએ સ્વિકારેલ હોવાનું તેમજ આંક–૭૭ થી રજુ થયેલ હરાજીની શરતો અંગે પણ પ્રતિવાદીને જાણ હોવાની હકીકત પ્રતિવાદીની ઉલટતપાસમાં સ્પષ્ટ પણે જણાય આવે છે. તે સંજોગોમાં વાદી દ્વારા પ્રતિવાદીને આંક–૮૩ ની નોટીસથી તેમને ઈજારાની બાકી હપ્તાની રકમ નહીં ભરેલ હોવાનું અને તે રકમ ભરપાઈ કરવામાં નહીં આવે તો ઈજારાની શરત મુજબ શરત નં. ૪ માં જણાવેલ ઈજારાની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવી સ્પષ્ટ હકીકત જણાવેલ હોવા છતા પ્રતિવાદી દ્વારા ઈજારાના બીજા હપ્તાઓની રકમ ભરપાઈ કરવામાં આવેલ નહીં હોવાનું સ્પષ્ટપણે જણાય આવતુ હોય તેથી આ કામના વાદીએ કારોબારી સમીતીના ઠરાવ નંબર ૧૧, તા.૨૪/૦૯/૨૦૦૮ થી પ્રતિવાદી નં. ૧ ને આપેલ ઈજારો તા.૦૧/૧૦/૨૦૦૮ થી ખોટી રીતે અને ગેરકાયેદસર રીતે રદ્દ કરી નાંખેલ હોવાનું પ્રતિવાદી પુરવાર કરી શકેલ ન હોય મુદ્દા નં. ૮ નો જવાબ **"નકારમાં"** આપવામાં આવે છે. તેમજ વાદીએ ખોટી રીતે અને ગેરકાયદેસર રીતે પ્રતિવાદી નં. ૧ નો ઈજારો બદઈરાદાથી રદ્દ કરી ફરીથી તેઓ ઈજારામાં ભાગ ન લઈ શકે તેવા બદઈરાદાથી વાદીના લાગતા વળગતા તથા અંગત માણસોને વિશેષ લાભ આપવાના બદઈરાદાથી નિતી નિયમો વિરૂદ્ધ કાર્યવાહી કરી અગાઉના ઈજારાની રકમથી ઓછી રકમ લેવાનું નક્કી કરી તથા પ્રતિવાદી નં. ૧ ના ઈજારાની કાર્યવાહીમાં ભાગ ન લઈ શકે તેવા બદઈરાદાથી અન્ય વ્યક્તિને આપી દીધેલ હોવાની હકીકત પ્રતિવાદી પુરવાર કરી શકેલ ન હોય કે તે અંગે પ્રતિવાદી તરફે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ ન હોય મુદ્દા નં. ૯ નો જવાબ **"નકારમાં"** આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૧૦ ની ચર્ચાઃ–</u>**

(૨૦) વાદી દ્વારા હાલના દાવામાં એવી દાદ માંગવામાં આવેલ છે કે, દાવા અરજીમાં જણાવેલ વિગતે વાદીની આ કામના પ્રતિવાદીઓ ઉપર બાકી ચડત લેણી નિકળતી રકમ રૂા. ૮,૧૯,૬૪૦/– પ્રતિવાદી વાદીને દાવાની તારીખથી વસુલ થતા સુધી વાર્ષિક સેંકડે ૧૨% ના ચડત વ્યાજ સહિત વાદીને ચુકવી આપે તેવું હુકમનામું કરી આપવા અરજ કરેલ છે. જે અનુસંધાને જોવામાં આવે તો વાદી દ્વારા મુદ્દા નં. ૧ માં પ્રતિવાદી નં. ૧ એ રૂા.૯,૪૫,૦૦૦/– માં હરાજીની શરતો મુજબ ઈજારો રાખેલ હોવાનું અને મુદ્દા નં. ૨ માં ચર્ચા કર્યા મુજબ ઈજારાની રકમ પૈકી ૪ સરખા હપ્તા પ્રમાણે પ્રથમ હપ્તો રૂા.૨,૩૬,૨૫૦/– નો ચુકવેલ હોય અને બાકીના હપ્તા પ્રતિવાદીએ ચુકવેલ ન હોય તથા અરજી પેરા–૮ માં જણાવેલ હિસાબ મુજબ તેમજ આ કામે રજુ કરવામાં આવેલ પુરાવો ધ્યાને લેતા પ્રતિવાદીએ વાદી પાસેથી રૂા.૯,૪૫,૦૦૦/– માં ઈજારો લીધેલ હોય અને પ્રથમ હપ્તાની રકમ રૂા. ૨,૩૬,૨૫૦/– ચુકવી આપેલ હોય તે સંજોગોમાં પ્રતિવાદી પાસેથી વાદીની તેમના દાવામાં પારા ૮ માં જણાવેલ હિસાબ મુજબ નહી પરંતું રૂા.૯,૪૫,૦૦૦/–માંથી પ્રથમ હપ્તાની ચુકવેલ રકમ રૂા. ૨,૩૬,૨૫૦/– બાદ કરતા પ્રતિવાદી પાસેથી લેણી રકમ રૂા. ૭,૦૮,૭૫૦/– ચુકવવાની બાકી રહેતી હોવાનું જણાય આવે છે. ઉપરાંત કરારની શરતો મુજબ નક્કી કરેલ તારીખથી દિન–૫ માં હપ્તાની રકમ ભરપાઈ કરવામાં ન આવે તો દર સેંકડે રૂા.૧ લેખે વ્યાજ વસુલ લેવાનું જણાવવામાં આવેલ છે. તે મુજબ તા.૦૧/૦૭/૨૦૦૮ થી તા.૩૧/૧૨/૨૦૦૮ સુધીનું છ માસનું વાર્ષિક ૧૨% લેખે વ્યાજ મેળવવા હક્કદાર હોવાનું જણાય આવે છે. જે અંગે લેણી રકમ રૂા.૭,૦૮,૭૫૦/– ઉપર ૧૨% લેખે છ માસના વ્યાજની ગણતરી કરતા રૂા.૪૨,૫૨૫/– થાય છે. આમ, વાદી પ્રતિવાદી પાસેથી લેણી રકમ રૂા.૭,૦૮,૭૫૦/– + વ્યાજની રકમ રૂા.૪૨,૫૨૫/– મળી કુલ રકમ રૂા.૭,૫૧,૨૭૫/– ચડત હપ્તાના વ્યાજ સહિત રકમ મેળવવા હક્કદાર થાય છે. વાદી

તરફે તેમની દાવા અરજી પેરા−૮ માં રૂા.૨૫,૦૦૦/− અન્ય ખર્ચના જણાવેલ છે તે વાદી કઇ રીતે મેળવવા હક્કદાર થાય છે તે અંગે વાદી તરફે કોઇ પુરાવો રજુ થયેલ ન હોય તેથી તે રકમ વાદી મેળવવા હક્કદાર થતા હોવાનું જણાય આવતુ નથી. ઉપરાંત વાદી દ્વારા તેની દાવા અરજી પેરા−૮ માં વ્યાજની ગણતરી પણ વધારે પડતી કરવામાં આવેલ હોવાનું જણાય આવે છે. તે સંજોગોમાં ઉપરોકત રીતે ગણતરી કર્યા મુજબ વાદી વ્યાજ સહિતની રકમ રૂા.૭,૫૧,૨૭૫/− મેળવવા હક્કદાર થાય છે અને વાદી દ્વારા સદર રકમ દાવાની તારીખથી વસુલ મળતા સુધી ૧૨% ના વ્યાજ સહિત મેળવવા માંગણી કરેલ છે. તે અનુસંધાને જોવામાં આવે તો વાદી અને પ્રતિવાદી વચ્ચેના કરારમાં વાદી તેની લેણી રકમ દર માસે સેંકડે રૂા. ૧/− તરીકે મેળવવા હક્કદાર રહેશે તેવું જણાવેલ છે. જે જોતા વાદી વાર્ષિક ૧૨% વ્યાજ દાવાની તારીખથી રકમ વસુલ થતા સુધી મેળવવા હક્કદાર થતા હોવાનું જણાય આવે છે. તે સંજોગોમાં વાદી તેમના દાવામાં માંગ્યા મુજબ અંશતઃ દાદ મેળવવા હક્કદાર થતા હોવાનું જણાય આવે છે અને આ દાદ વાદી તમામ પ્રતિવાદીઓ પાસેથી સંયુક્ત તેમજ વિભક્ત રીતે મેળવવા હક્કદાર થતા હોવાનું જણાય આવતુ હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## −:: આખરી હુકમ ::−

**૧)** વાદીનો દાવો આથી "**અંશતઃ મંજુર**" કરવામાં આવે છે.

**૨)** વાદી આ કામના પ્રતિવાદીઓ પાસેથી ઈજારા પેટેની લેણી રકમ રૂા.૭,૫૧,૨૭૫/−( અંકે રૂપિયા સાત લાખ એકાવન હજાર બસ્સો પંચ્ચોતેર પુરા) તથા દાવા તારીખ તા.૦૯/૦૧/૨૦૦૯ થી રકમ પુરેપુરી વસુલ થતા સુધી વાર્ષિક ૧૨% ના સાદા વ્યાજ સાથે મેળવવા હક્કદાર થાય છે.

૩) વાદી ઉપરોક્ત રકમ તમામ પ્રતિવાદીઓ પાસેથી સંયુક્ત તેમજ વિભક્ત રીતે પ્રતિવાદીઓની જાત, જંગમ તથા દરેશ પ્રકારની મિલકતમાંથી વસુલ મેળવવા હક્કદાર રહેશે.

૪) દાવાનું વાદીને થયેલ ખર્ચ પ્રતિવાદીઓએ ચુકવી આપવુ તથા પ્રતિવાદીઓને થયેલ દાવાનું ખર્ચ પ્રતિવાદીએ જાતે ભોગવવું.

૫) **હુકમ મુજબ હુકમનામું દોરવું.**

આ હુકમ આજરોજ તારીખ–૧૪, માહે–જુલાઈ, સને–૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા. ૧૪/૦૭/૨૦૨૧
સ્થળ : વેરાવળ

(મહેમુદ ઉસ્માન કુરમાની)
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ
વેરાવળ
(કોડ નં. જીજે–૦૧૦૧૨)